RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 300* Date: 28.08.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ઝારખંડમાં પણ રિસોર્ટ પોલિટિક્સ!

# ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનનું ધારાસભ્ય પદ રદ,રાજ્યપાલે ચૂંટણી પંચની ભલામણ પર મહોર મારી

## ચૂંટણી લડવા અંગે હાલ કોઈ નિર્ણય લેવાયો નથી : ધારાસભ્યોને છત્તીસગઢ લઈ જવાયા

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની ખુરશી સંકટમાં આવી ગઈ છે. ખનન પટ્ટાના કેસમાં ચૂંટણી પંચે તપાસ કર્યા પછી ઝારખંડના રાજ્યપાલને એક રિપોર્ટ સોંપી દીધો છે. જેમાં મુખ્યમંત્રી હેમંતને ધારાસભ્ય પદ માટે અયોગ્ય ઠેરવવામાં આવ્યા છે. રાજ્યપાલે ચૂંટણી પંચની ભલામણ પર મહોર મારતા તેમનું ધારાસભ્ય પદ રદ કરી દીધું છે. હવે હેમંત સોરેન રાજીનામુ આપી શકે છે. રાજીનામુ આપ્યા પછી તેઓ ધારાસભ્યોના સમર્થન પત્ર રાજ્યપાલને આપીને ફરી મુખ્યમંત્રી બનવાના શપથ લઈ શકે છે. હેમંત સોરેનનું ધારાસભ્ય પદ ગયુ હોવાથી ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ને હાલ પુરતો નવો વિકલ્પ શોધવો પડશે. જોકે સોરેન ફરી ચૂંટણી લડી શકશે. પરંતુ તે ફરી પરત ના ફરે ત્યાં સુધી રાજ્યની બાગડોર કોઈ બીજાને આપવી પડશે.

દરમિયાન ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને આજે સતત બીજા દિવસે ધારાસભ્યોની બેઠક બોલાવી હતી અને મહાગઠબંધન એટલે કે રાજદ અને કોંગ્રેસના ધારાસભ્યોને પણ બેઠકમાં બોલાવવામાં આવ્યા હતા. હેમંત સોરેને સવારે ૧૧ વાગ્યે મીટિંગ બોલાવી હતી. આ મીટિંગ બાદ કોંગ્રેસના ધારાસભ્યોને ત્રણ બસમાં છત્તીસગઢ માટે રવાના કરવામાં આવ્યા છે અહીં ધારાસભ્યોને રિસોર્ટમાં રાખવામાં આવશે છત્તીસગઢમાં યુપીએની સરકાર છે આથી ધારાસભ્યોને અહીં લાવવામાં આવ્યા છે. હેમંત સોરેને પણ પોતાના ઈરાદા જાહેર કરી દીધા છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, આ આદિવાસીનો દીકરો છે. તેમની ચાલથી અમારો રસ્તો ના ક્યારેય અટક્યો છે, ના અમે લોકો ક્યારેય આ લોકોથી ડર્યા છીએ.



ઝારખંડમાં રાજકીય સંકટ વચ્ચે શનિવારે મુખ્યમંત્રી નિવારસ્થાનેથી ૩ બસમાં ધારાસભ્યોને શિફ્ટ કરાઈ હતી બસમાં કોંગ્રેસના અને જેએમએમના ૩૬ ધારાસભ્યો સામેલ હતાં મુખ્યમંત્રી હેમંત સોરેન પણ ધારાસભ્યો સાથે બસમાં હતાં અને તેઓએ ધારાસભ્યો સાથે સેલ્ફી પણ લીધી છે. ત્રણેય બસોને પોલીસ સુરક્ષાની વચ્ચે ખુંટીથી લતરાતુ ડેમ લવાઈ છે. ખુંટીના ડૂમરગઢી ગેસ્ટ હાઉસમાં ખુરસીઓ અને ગાદલા મંગાવાયા છે. ગેસ્ટ હાઉસ બહાર મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ તહેનાત છે. ખુંટીના ડીસી અને એસપી પહોંચી ગયા છે. લતરાતુ ડેમના ગેસ્ટ હાઉસમાં ધારાસભ્યોના જમવાની વ્યવસ્થા કરાઈ છે. ધારાસભ્યોને જમવા માટે મટન, ફિશ અને ભાત બનાવાયા છે. શાકાહરી ભોજનની પણ અલગ વ્યવવસ્થા કરાઈ હતી આ તરફ ભાજપનો દાવો છે કે મુખ્યમંત્રી હેમંત સોરેન સામે કેસ નોંધાવવાની પણ તૈયારી છે. મ્તનું કહેવું છે કે જો તેનું ધારાસભ્યપદ જાય તો તેમની સામે કેસ નોંધાવવાનો પણ નિર્ણય પણ લેવાઈ શકે છે.ચૂંટણીપંચના નિર્ણય પછી યુપીએ બન્ને સંભાવનાને લઈને તૈયાર છે. જો હેમંત સોરેન નહીં તો કોણ એ અંગે પણ ચર્ચા થઈ રહી છે. બિનસત્તાવાર રીતે ત્રણ નામની ચર્ચા થઈ છે, જેમાં સૌથી પહેલું નામ સોરેનનાં પત્ની કલ્પના સોરેનનું છે. બીજા અને ત્રીજા નંબરે જોબા માંઝી અને ચંપઈ સોરેન છે. બન્નેને સોરેન પરિવારની નજીકના માનવામાં આવે છે. કોંગ્રેસે પણ અત્યારસુધી આ નામ પર કોઈ વાંધો ઉઠાવ્યો નથી.

હેમંત સોરેનને રાંચી જિલ્લાના અનગડા બ્લોકમાં ૦.૮૮ એકર જમીનની ખનનનો પટ્ટો મળ્યો હતો. દસ્તાવેજો અનુસાર ૨૮ મે, ૨૦૨૧ના રોજ હેમંત સોરેને આવેદન આપ્યું અને તેમને ૧૫ જૂન, ૨૦૨૧ના રોજ મંજૂરી મળી ગઈ હતી. ત્યારબાદ ૯ સપ્ટેમ્બરે પર્યાવરણ વિભાગ પાસેથી મંજૂરી માંગવામાં આવી જે ૨૨ સપ્ટેમ્બરે મળી ગઈ. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ભાજપે રાજ્યપાલને મળીને ફરિયાદ કરી કે આ લાભના પદના ઉપયોગનો મામલો બને છે અને મુખ્યમંત્રી પોતાના નામથી ખનન પટ્ટો ના લઈ શકે. ત્યારબાદ હેમંત સોરેને ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ લીઝ સરેન્ડર કરીને પોતાને અલગ કરી દીધા.

ખનનના વ્યવસાયમાં હેમંત સોરેન સરકારના ભ્રષ્ટાચારનો ભાંડાફોડ ત્યારે થવાનો શરૂ થયો જ્યારે ઝારખંડની ખનન સચિવ રહી ચુકેલી પૂજા સિંઘલના વિવિધ સ્થળો પર ઈડીએ છાપા માર્યા હતા. ઈડીને પૂજા સિંઘલના સીએ સુમન કુમારના એક સ્થળેથી સાડા સત્તર કરોડ રૂપિયા કેશ મળ્યા હતા.

આ રકમ એટલી વધુ હતી કે ગણવામાં ૧૪ કલાકનો સમય લાગ્યો હતો. ઈડીના સુત્રોના જણાવ્યા અનુસાર, દાવો કરવામાં આવ્યો કે, પૂજા સિંઘલ અને તેના નજીકના લોકોના આશરે ૧૫૦ કરોડ રૂપિયાના રોકાણનો ખુલાસો થયો અને ઘણા મહત્ત્વના દસ્તાવેજ મળ્યા હતાં.

# ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પરિવાર સાથે સોમનાથ દાદાના ચરણોમાં શિશ ઝુકાવ્યું હતું., પાર્ટી લડાવશે તો લડીશું, કોઈને જીતાડવાનું કહેશે તો જીતાડીશું



ગીરસોમનાથ,તા.૨૭

પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીએ શ્રાવણ મહિનાના અંતિમ દિવસે સોમનાથના દર્શન કરીને મહાદેવ સામે શીશ ઝૂકાવ્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ફરી ચૂંટણી લડવા અંગે મહત્વનું નિવેદન આપીને ખળભળાટ મચાવ્યો છે. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, પાર્ટી ટિકિટ આપશે તો લડીશું. કોઈને જીતાડવાનું કહેશે તો જીતાડીશું. ભાજપમાં કોઈ જૂથવાદ નથી.

આજ રોજ શ્રાવણ મહિનાનો અંતિમ દિવસ હોવાથી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પરિવાર સાથે સોમનાથ દાદાના દર્શનાર્થે ગયા હતા. જ્યાં તેઓએ સોમનાથ દાદાના ચરણોમાં શિશ ઝુકાવ્યું હતું. પરંતુ અહીં તેઓએ ચૂંટણીલક્ષી મોટું નિવેદન આપ્યું છે. રાજકોટમાં વજુભાઈ વાળા ફરી રાજકારણમાં સક્રિય થયા છે ત્યારે પ્રવર્તમાન રાજકીય સ્થિતિમાં વિધાનસભાની ટીકીટ મુદ્દે વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, પાર્ટી લડાવશે તો લડીશું, કોઈને જીતડવાનું કહેશે તો જીતાડીશું...ભાજપમાં પ્રદેશ કક્ષાએ કોઈ જૂથવાદ ન હોવાનું જણાવ્યું હતું. બીજી બાજુ રાજ્યના બે કેબિનેટ મંત્રીઓને કટ ટુ સાઈઝ કરી ખાતા આંચકી લેવા મુદ્દે આ વ્યવસ્થાનો ભાગ હોવાનું જણાવ્યું હતું.વિજય રૂપાણીએ નિવેદન આપતા જણાવ્યું કે, 'અમે કોઈ પદ કે કોઈ ટિકિટો માટે કામ કરતા નથી. એક સ્વપ્ન છે કે ભારતમાતા શક્તિશાળી ભારતમાતા બને. પરમવૈભવના શિખર પર ભારત પહોંચે એ માટે એક સ્વપ્નથી કામ કરીએ છીએ. પાર્ટી જે કંઈ કામ સોંપે છે એ હંમેશા અમે કરતા આવ્યા છીએ. આગામી સમયમાં પાર્ટી વિધાનસભાની ચૂંટણી લડવાનું કહેશે તો લડીશું, ચૂંટણી ન લડવાનું કહે તો ચૂંટણી જીતવા માટે કામ કરીશું. આ અમારી એક પદ્ધતિ રહી છે.વિજય રૂપાણીએ ભાજપમાં જૂથવાદ અંગે નિવેદન આપતા કહ્યું કે, 'ભાજપમાં કોઈ જ જૂથવાદ નથી. આ બધી વાતો અફવાહ છે. અમે સૌ કોઈ એક છીએ અને ભારતીય જનતા પાર્ટી આ બધી બાબતોથી ઉપર ઉઠીને કાર્યકર્તાઓ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. તેમણે ઉમેર્યું હતું કે, પીએમ નરેન્દ્રભાઈ જેવું જબરદસ્ત નેતૃત્વ, એમના માર્ગદર્શન નીચે ભાજપ આગળ વધશે.

## સોનાલી ફોગાટ મૃત્યુ કેસઃ ડ્રગ પેડલર અને ક્લબનાં માલિકની ધરપકડ, સીબીઆઈ તપાસની ઉઠી માંગ

પણજી,તા.૨૭

અભિનેત્રી તથા ભાજપની નેતા સોનાલી ફોગાટનાં મૃત્યુનાં મામલામાં પોલીસ બે અન્ય લોકોને અરેસ્ટ કર્યાઆ છે. પોલીસ શનિવારે કરલી ક્લબનાં માલિક તથા એક ડ્રગ પેડલરને અરેસ્ટ કર્યા છે. જ્યારે પોલીસ ક્લબનાં બાથરૂમથી પણ ડ્રગ્સ મેળવ્યા છે. પોલીસ અત્યાર સુધી આ મામલામાં ચાર લોકોને અરેસ્ટ કરી ચૂકી છે.પોલીસ પાસેથી મળેલ જાણકારી અનુસાર, શુક્રવારે આ મામલામાં પૂછપરછનાં આધાર પર સોનાલીનાં પીએ સુધીર સાંગવાન અને સુખવિન્દર સિંહને પણ અરેસ્ટ કરવામાં આવ્યા ચે. જ્યારે બંનેની પૂછતાછ બાદ પોલીસ સુખવિન્દર ડ્રગ્સ સપ્લાય કરનારને અરેસ્ટ કરી લીધા હતા. સુધીર સાંગવાન અને સુખવિન્દર ૨૨ ઓગસ્ટનાં રોજ સોનાલી દસાથે ગોવા પહોંચ્યા હતા.

આ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ પોલીસ પર મોટો આરોપ લગાવ્યો છે. ગોવામાઆ વિપક્ષના નેતા માઈકલ બેબોએ કહ્યું કે પોલીસ આ મામલાને રફા દફા કરવાની કોશિશ કરી રહી છે. આવામાં સોનાલી ફોગાટની કથિત હત્યાની તપાસ સીબીઆઈએ કરવી જોઈએ. હકીકતે, સોનાલી ફોગાટનું મંગળવારે ગોવામાં રહાસ્યમયી પરિસ્થિતિઓમાઆ મૃત્યુ થયું હતું.

સોનાલી ફોગાટનાં મૃત્યુ બાદ સામે આવ્યું હતું કે તેમનું મૃત્યુ હાર્ટ એટેકને કારણે થયું છે, પરંતુ પછી કથિત રૂપે હત્યાની વાત સામે આવી. કોંગ્રેસ નેતાઆ માઈકલ બેબોએ કહ્યું કે આ મામલાની દરેક એંગલથી તપાસ થવી જોઈએ. સોનાલી ફોગાટનાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાઆ શરીર પર ઘણી ઈજાના નિશાનની વાત પણ સામએ આવી હતી.ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે કહ્યું કે સોનાલી ફોગાટ મામલામાં પહેલા દિવસથી જ અમે પૂરો સહયોગ કરી રહ્યા છીએ.

# દિલ્હીમાં નકલી પાસપોર્ટ અને વિઝાના મસમોટા આંતરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ

## માસ્ટરમાઈન્ડ સહિત ૫ની ધરપકડ,આરોપીઓ પાસેથી અલગ અલગ દેશોના ૧૭૫ નકલી વિઝા મળી આવ્યા

નવીદિલ્હી,તા.૨૭

દિલ્હી પોલીસના આઈજીઆઈ યુનિટે બોગસ પાસપોર્ટ અને વિઝાના આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં માસ્ટરમાઈન્ડ ઝાકિર સહિત ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ લોકો પાસેથી ૩૨૫ નકલી પાસપોર્ટ મળી આવ્યા છે. આ ઉપરાંત ચીન, અમેરિકા, ઓસ્ટ્રેલિયાના વિઝા પણ મળી આવ્યા છે. અહેવાલો મુજબ આ આરોપીઓ પાસેથી અલગ અલગ દેશોના ૧૭૫ નકલી વિઝા મળી આવ્યા છે.

બોગસ પાસપોર્ટ અને વિઝાનું આ રેકેટ ખૂબ મોટું છે. આ પ્રકરણમાં આઈજીઆઈ યુનિટને અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ચીનના વિઝા સહિત ૩૨૫ નકલી પાસપોર્ટ, ૧૭૫થી વધુ નકલી વિઝા મળી આવ્યા છે. આ સિવાય આ લોકો પાસેથી ૧૨૦૦ રબર સ્ટેમ્પ, ૧૨ પ્રિન્ટર, પોલિમર સ્ટેમ્પ મશીન (ફોટો એક્સોર્સી ચેન્જિંગ મશીન) અને અલ્ટ્રા વાયોલેટ લાઈટ મશીન મળી આવ્યા છે.પોલીસના જણાવ્યા અનુસાર આ રેકેટનો માસ્ટર માઈન્ડ ઝાકિર વેબ સીરીઝમાં પૈસા રોકતો હતો. દિલ્હી પોલીસનું આઈજીઆઈ યુનિટ નકલી પાસપોર્ટના મામલામાં સતત કાર્યવાહી કરી રહ્યું છે. એક સપ્તાહ પહેલા જ નકલી પાસપોર્ટ મામલે બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં એક એજન્ટ હતો અને બીજો પેસેન્જર હતો. આ લોકો નકલી પાસપોર્ટ તૈયાર કરીને લોકોને વિદેશ મોકલતા હતા.

દિલ્હી પોલીસે તમામ જિલ્લાઓમાં માન્ય વિઝા અને પાસપોર્ટ વગર રહેતા વિદેશી નાગરિકો પર તવાઈ ચાલુ રાખી છે. પોલીસ આવા વિદેશી નાગરિકોને તેમના દેશમાં દેશનિકાલ કરવાનું પણ કામ કરી રહી છે. આ સાથે અન્ય સુરક્ષા એજન્સીઓ દિલ્હી એરપોર્ટ પર નકલી વિઝા અને પાસપોર્ટ સાથે મુસાફરી કરનારાઓ સામે કાર્યવાહી કરી રહી છે. આ દરમિયાન વધુ એક મોટી કાર્યવાહી સામે આવી છે.

અહીં નોંધનીય છે કે, થોડા સમય પહેલા દિલ્હી પોલીસે નકલી પાસપોર્ટ મામલે ચાર બાંગ્લાદેશી સહિત ૬ લોકોની ધરપકડ કરી હતી. આ મામલે ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (આઈજીઆઈ એરપોર્ટ) તનુ શર્માએ કહ્યું હતું કે, લોકોને વિદેશ મોકલવાના બહાને છેતરતી સિન્ડિકેટ સમગ્ર વિશ્વમાં સક્રિય છે. સિન્ડિકેટનો પર્દાફાશ કરવા માટે પોલીસની ટીમ બનાવવામાં આવી હતી.

# અમિત શાહ આજે કલોલ તાલુકાના વડસર ગામના તળાવના બ્યુટિફિકેશનના કામનું ખાતમુર્હૂત કરશે

અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં ચૂંટણીઓનો માહોલ જામી રહ્યો છે. ત્યારે ગુજરાતની જનતાને આકર્ષવા માટે દિગ્ગજ નેતાઓ વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપી રહ્યા છે. એક બાજુ પીએમ મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે છે, ત્યારે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. રવિવારે ગાંધીનગર પોતાના મતક્ષેત્રમાં યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં હાજર રહેશે.આવતી કાલે અમિત શાહ કલોલ તાલુકાના વડસર ગામના તળાવના બ્યુટિફિકેશનના કામનું ખાતમુર્હૂત કરશે. અમિત શાહ સોમવારે સવારે દિલ્લી પરત ફરશે. તમને જણાવી દઈએ કે, અમિત શાહ જન્માષ્ટમીના દિવસે પણ ગુજરાતની મુલાકાતે હતા અને તેમણે ઈસ્કોન મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે પરિવાર સાથે પહોંચ્યા હતા અને આરતીમાં પણ ભાગ લીધો હતો. આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે કેન્દ્રીય નેતાઓના ગુજરાત પ્રવાસ પણ વધી રહ્યા છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૮ ઓગષ્ટે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં હાજરી આપશે. આ રાષ્ટ્રીય યુનિવર્સિટી બન્યા બાદ આ તેનો પ્રથમ પદવીદાન સમારોહ છે. આ પદવીદાન સમારોહના સમાપન બાદ ગૃહમંત્રી અમિત શાહ બપોરે કલોલના પાનસર ગામની મુલાકાત લેશે. અમિત શાહના તેમના સંસદીય ક્ષેત્રમાં વિકાસ કામોની સમીક્ષા કરશે અને સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરશે, તેવું સૂત્રોએ જણાવ્યું હતું.મહત્વનું છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ અગાઉ ભાજપના દિગ્ગજ નેતાઓ ગુજરાતની મુલાકાતે આવી રહયા છે કારણકે બે મહિના બાદ આચાર સંહિતા અમલમાં આવી જતી હોવાથી ભાજપ વિકાસના કામોના લોકાર્પણ-ઉદ્ઘાટનમાં ઝડપ કરી છે અને જનતા વચ્ચે જઈ રહ્યા છે. બીજી તરફ આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલ પણ ગુજરાતની મુલાકાતે આવી રહયા છે અને દિલ્હી-પંજાબ મોડેલનો મુદ્દો લઈ પ્રચાર-પ્રસાર ચાલુ કર્યો છે તો બીજી તરફ પીએમ મોદી અને શાહની મુલાકાતો પણ વધી છે.

## પાસપોર્ટની સમસ્યાઓના નિવારણ માટે પ્રાદેશિક પાસપોર્ટ કચેરીએ યોજ્યો પાસપોર્ટ કેમ્પ, ૮૦૦ નાગરિકોએ લાભ લીધો

અમદાવાદ,તા.૨૭

પાસપોર્ટ મેળવવો એ આજે પણ સાત કોઠા વીંધવા જેટલું મુશ્કેલ કામ છે. વર્ષોથી મામૂલી ટેક્નિકલ ક્વેરીઓને કારણે લાખો લોકોના પાસપોર્ટ અટવાઈ પડેલા છે, પરંતુ ગુજરાતમાં પ્રથમ વખત પાસપોર્ટની સમસ્યાઓને એક જ જગ્યાએ તાત્કાલિક દૂર કરવાનો રીજનલ પાસપોર્ટ કચેરીએ નવતર પ્રયોગ હાથ ધર્યો. પાસપોર્ટની સમસ્યાઓના નિવારણ માટે અમદાવાદ સ્થિત રાજ્યની પ્રાદેશિક પાસપોર્ટ કચેરીએ પાસપોર્ટ કેમ્પ યોજ્યો. આ કેમ્પ જેમાં ૮૦૦ જેટલા લોકો પોતાની સમસ્યા લઈને કેમ્પમાં આવ્યા. જેમાંથી મોટા ભાગના લોકોની સમસ્યાનો નિકાલ કરવામાં આવ્યો.

# મુકેશ અંબાણી પરિવારે દુબઈમાં દરિયા કિનારે એક લક્ઝુરિયસ વિલા ખરીદ્યો છે

મુંબઈ,તા.૨૭

ભારતના સૌથી ધનાઢ્ય લોકોમાંથી એક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ એક મોટો સોદો કર્યો છે. એવું જાણવા મળે છે કે મુકેશ અંબાણી દુબઈમાં બીચ સાઈડ વિલાના મિસ્ટ્રી ખરીદનાર છે. આ વિલાની કિંમત ૮૦ મિલિયન ડોલર (રૂ. ૬,૩૯૬,૭૪૪,૮૮૦) છે. મુકેશ અંબાણી આ શહેરમાં અત્યાર સુધીના સૌથી મોટા રહેણાંક મિલકત ખરીદનાર છે. બ્લૂમબર્ગના એક રિપોર્ટ અનુસાર, પામ જુમેરાહ બીચ પરની આ પ્રોપર્ટી આ વર્ષની શરૂઆતમાં મુકેશ અંબાણીના સૌથી નાના પુત્ર અનંત અંબાણી માટે ખરીદવામાં આવી છે.

બીચફ્રન્ટ હવેલી હથેળીના કદના કૃત્રિમ દ્વીપસમૂહના ઉત્તર ભાગમાં સ્થિત છે. તેમાં ૧૦ બેડરૂમ, એક ખાનગી સ્પા અને ઈન્ડોર અને આઉટડોર પૂલ છે. દુબઈ અતિ સમૃદ્ધ લોકો માટે પસંદગીના બજાર તરીકે ઉભરી રહ્યું છે. ત્યાં સરકારે લાંબા ગાળાના ગોલ્ડન વિઝા ઓફર કરીને અને વિદેશીઓ માટે ઘર ખરીદવા માટેના નિયંત્રણો હળવા કરીને આકર્ષ્યા છે. બ્રિટિશ ફૂટબોલર ડેવિડ બેકહામ અને બોલિવૂડ મેગાસ્ટાર શાહરૂખ ખાન જેવા દિગ્ગજો અંબાણીના નવા પડોશી બનશે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, અનંત અંબાણી અંબાણી ૯૩.૩ અરબ ડોલરની સંપત્તિના ત્રણ વારસદારોમાંના એક છે. વિશ્વના ૧૧મા સૌથી અમીર વ્યક્તિ, ૬૫ વર્ષિય મુકેશ અંબાણી ધીમે ધીમે તેમના બિઝનેસની બાગડોર તેમના બાળકોને સોંપી રહ્યા છે. રિપોર્ટ અનુસાર અંબાણી પરિવાર વિદેશમાં પોતાની રિયલ એસ્ટેટનો વિસ્તાર કરી રહ્યો છે. ત્રણેય ભાઈ-બહેનો તેમના બીજા ઘર માટે પશ્ચિમી દેશો તરફ આગળ વધી રહ્યા છે.

ગયા વર્ષે, રિલાયન્સે યુકેમાં સ્ટોક પાર્ક લિમિટેડને ખરીદવા માટે ૭૯ મિલિયન ખર્ચ્યા હતા. તેમાં જ્યોર્જિયન યુગની હવેલી છે, જે મોટા પુત્ર આકાશ અંબાણી માટે ખરીદવામાં આવી હતી. આકાશની તાજેતરમાં જ રિલાયન્સની ટેલિકોમ કંપની જીયોના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## તંત્રી સ્થાનેથી...

# જનતાના શોષણનું માધ્યમ બનેલો દવાઓનો વેપલો

ભારતમાં દવાઓનો ધંધો બેલગામ થઈ ગયો છે અને તે જનતાના શોષણનું માધ્યમ બની ગયો છે. એકીકૃત સ્વાસ્થ્ય નીતિનો અભાવ આ શોષણને ઉત્તેજન આપનારું કારણ છે. ૧૪૦ કરોડની આબાદીવાળા દેશમાં દવા અને સહાયક ઉપકરણોના કારોબારને નૈતિકતાના ધરાતલ પર વિનિયમિત કરવાનું કોઈ કાનૂની તંત્ર આજ સુધી વિકસિત નથી થઈ શક્યું. પરિણામે જનતાનું આર્થિક શોષણ તો ચાલુ છે જ, બિનજરૂરી દવાઓના સેવનનો સિલસિલો પણ વધી રહ્યો છે. સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી દ્વારા ડોક્ટરો અને દવા કંપનીઓના જે અનૈતિક ગઠબંધન પર હાલમાં દેશભરમાં ચર્ચા છેડાઈ છે, તે કોઈ નવી બાબત નથી. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો કે એક કંપનીએ 'ડોલો-૬૫૦' ગોળીનું વેચાણ વધારવા માટે ડોક્ટરોને એક હજાર કરોડ રૂપિયાની લાંચ આપી. એકલા કોરોના કાળમાં જ ડોલો ૬૫૦ એમજીની લગભગ ૩૫૦ કરોડ ગોળીઓ વેચાઈ ગઈ. સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી કરી રહેલા જજ ડી.વાય. ચંદ્રચૂડે ખુદ કહ્યું કે કોવિડ દરમ્યાન ડોક્ટરે તેમને પણ આ જ ગોળીની સલાહ આપી હતી. સ્પષ્ટ છે કે ડોલોનું રેકોર્ડ વેચાણ સામાન્ય કારોબારી ઉછાળ નહોતો. સવાલ માત્ર ડોલો-૬૫૦નો જ નથી, બલ્કે દેશમાં દવા કારોબારના નિયમનનો છે. સરકાર પાસે આ સંબંધે કોઈ સમાવેશી નીતિ છે જ નહીં. એવું કેમ છે? તેને બે લાખ કરોડથી વધારેના દવા અને ઉપકરણ કારોબારમાં સમાયેલાં હિતોના પ્રકાશમાં પણ સમજવાની જરૂર છે. ફક્ત ડોક્ટરો પર સવાલ ઉઠાવીને આપણે આ સંવેદનશીલ બાબતને છીછરી બનાવવાની કોશિશ કરી રહ્યા છીએ. સવાલ ફક્ત ડોક્ટરોના નૈતિક પક્ષનો નથી, સરકારની નીતિઓનો પણ છે.

દેશમાં દવાનો કારોબાર નિયંત્રણ અને નિયમનનું કામ ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલને આધીન છે. તે રસાયણ મંત્રાલય અંતર્ગત કામ કરે છે. એક અન્ય નિગમ છે રાષ્ટ્રીય ઔષધિ મૂલ્ય નિયંત્રણ ઓથોરિટી, પરંતુ તે દંડાત્મક શક્તિઓ ધરાવતું નથી. દવાના ભાવ નિયંત્રણ માટે અસલમાં કોઈ એકીકૃત કાનૂની વ્યવસ્થા જ નથી. ઔષધિ અને સૌંદર્ય પ્રસાધન કાયદો ૧૯૪૦ અંતર્ગત આ કારોબારને વિનિયમિત કરવામાં આવે છે. કાનૂની સ્થિતિ એ છે કે ફાર્મા એકમ બેઝિક દવાઓના ભાવ નિર્ધારિત કરે છે. દવા કંપનીઓ આ બેઝિક દવાઓમાં એક-બે વધારાનું સોલ્ટ ઉમેરીને નવી બ્રાન્ડ બજારમાં ઉતારી દે છે અને તેની મનમાફક કિંમત વસૂલે છે. એક બીજો અસ્પષ્ટ પક્ષ એ છે કે સરકારના નિગમ ફક્ત ૫૦૦ એમજી સુધીની દવાના ભાવ નક્કી કરે છે, તેનાથી ઉપર નહીં. માનવામાં આવે છે કે ડોલો બનાવનારી કંપનીએ આજ જોગવાઈનો ફાયદો ઉઠાવીને ૬૫૦ એમજીની નવી રેન્જ બજારમાં ઉતારી. ૫૦૦ એમજીની એક સ્ટ્રીપ ૨૦૧૩માં ૫.૧૦ રૂપિયાની હતી, જ્યારે આજે બજારમાં ૬૫૦ એમજીની કિંમત ૩૦.૯૧ રૂપિયા છે. આરોપ એ પણ છે કે ૬૫૦ એમજી ડોલો તાવ કે શરીરના દુઃખાવામાં ૫૦૦ એમજી કરતાં વધુ કારગત હોવાના કોઈ પુરાવા મેડિસિન ટેક્સ્ટ બુકમાં નથી જોવા મળ્યા. હવે આ મામલે પોતપોતાના પક્ષ હોઈ શકે છે કે ૬૫૦ એમજી કારગત રહી કે તેના દુષ્પ્રભાવ કિડની, લિવર પર પડ્યા, પરંતુ નીતિગત રૂપે મોટો સવાલ તો દવા કંપનીઓની નૈતિકતા સાથે જોડાયેલો છે.

# બોધકથા : ક્રોધની બે મિનિટને સાચવી લો..

એક યુવક લગ્નના બે વર્ષ પછી પિતાજી સમક્ષ વ્યાપાર માટે પરદેશ જવાની ઈચ્છા વ્યક્ત કરે છે. પિતાજીએ સંમતિ આપ્યા બાદ યુવક પોતાની ગર્ભવતી પત્નીને માતાપિતા પાસે મુકીને વ્યાપાર કરવા પરદેશ જાય છે.પરદેશમાં ખુબ જ મહેનત કરીને ઘણું જ ધન કમાય છે અને એક મોટો ધનવાન શેઠ બની જાય છે.સત્તર વર્ષ પસાર થયા એટલે તેને સંતુષ્ટિ થતાં ઘેર પરત આવવાની ઈચ્છા થાય છે.ઘેર પરત આવવાની જાણ પત્નીને કહીને તે જહાજમાં બેસે છે.

આ જહાજમાં તેને એક વ્યક્તિ મળે છે જે મનથી દુઃખી છે.શેઠે તેની ઉદાસીનું કારણ પુછતાં તે કહે છે કે આ દેશમાં કોઈને જ્ઞાનની કદર નથી.હું અહીયાં જ્ઞાનનાં સૂત્ર વેચવા માટે આવ્યો હતો પરંતુ કોઈ તેને લેવા તૈયાર નથી.શેઠે વિચાર કર્યો કે આ દેશમાંથી મેં ઘણું બધું ધન કમાવ્યું છે અને આ મારી કર્મભૂમિ છે તેનું માન રાખવું જોઈએ તેમ વિચારીને જ્ઞાનના સૂત્ર ખરીદવાની ઈચ્છા દર્શાવી.તે વ્યક્તિએ કહ્યું કે મારા દરેક જ્ઞાનસૂત્રની કિંમત ૫૦૦ સોનામહોરો છે.શેઠને કિંમત વધારે લાગે છે પરંતુ પોતાની કર્મભૂમિનું માન રાખવા એક જ્ઞાનસૂત્ર ખરીદી લે છે.

તે વ્યક્તિએ જ્ઞાનનું પહેલું સૂત્ર આપ્યું કે ''કોઈપણ કાર્ય કરતાં પહેલાં બે મિનિટ રોકાઈને વિચાર કરીને કાર્ય કરવું.'' શેઠે આ સૂત્ર પોતાની ડાયરીમાં લખી લીધું.સેઠ ઘણા દિવસની મુસાફરી બાદ રાત્રિના સમયે પોતાના નગરમાં પહોંચે છે અને વિચાર કરે છે કે હું ઘણા વર્ષો બાદ ઘેર પરત આવ્યો છું તો સંતાઈને કોઈને ખબર આપ્યા વિના પત્નીની પાસે પહોંચી જઈને તેને આશ્ચર્યનો ઉપહાર આપું.

ઘરના દ્વારપાળોને મૌન રહેવાનો ઈશારો કરીને તે પોતાની પત્નીના કક્ષમાં જાય છે અને ત્યાંનું દ્રશ્ય જોઈને તેના પગ નીચેથી ધરતી ખસી જાય છે.પલંગ ઉપર તેની પત્નીની બાજુમાં એક યુવક સૂઈ રહ્યો છે. અત્યંત ક્રોધના આવેશમાં તે વિચાર કરે છે કે હું પરદેશમાં હરઘડી પત્નીની ચિંતા કરતો હતો અને પત્ની અહીયાં અન્ય પુરૂષની સાથે સૂઈ રહી છે.આજે હું તેમને બંન્નેને જીવતા નહી મુકું એમ વિચારી તલવાર કાઢે છે અને તલવારનો ઘા કરવા જાય છે તે સમયે શેઠને ૫૦૦ સોનામહોરો આપી પ્રાપ્ત કરેલ જ્ઞાનસૂત્ર યાદ આવે છે કે ''કોઈપણ કાર્ય કરતાં પહેલાં બે મિનિટ રોકાઈને વિચાર કરીને કાર્ય કરવું.'' શેઠ વિચાર કરવા રોકાય છે તે સમયે તલવાર મ્યાન કરતાં કોઈ વાસણ સાથે અથડાય છે તેના અવાજથી પત્ની જાગી જાય છે.પત્નીની નજર પતિ ઉપર પડતાં તે ઘણી જ ખુશ થાય છે અને કહે છે કે આપના વિના અમારૂં જીવન સૂનું સૂનું લાગતું હતું.આપના વિયોગમાં આટલા વર્ષો કેવી રીતે કાઢ્યા તે હું અને મારૂં મન જાણે છે.

શેઠ તો પલંગ ઉપર સૂતેલ પુરૂષને જોયો એટલે ક્રોધિત સ્વરે તેને જગાડવા પત્નીને આદેશ કરે છે ત્યારે શેઠાણી કહે છે કે બેટા જાગો..તારા પિતાજી આવ્યા છે.યુવક જાગીને જેવો પિતાને પ્રણામ કરવા જાય છે તે સમયે માથાની પાઘડી નીચે પડી જાય છે અને તેના લાંબા વાળ છુટા થઈ વિખરાઈ જાય છે.

શેઠાણી કહે છે કે સ્વામીજી..આ આપણી દિકરી છે.પિતાની ગેરહાજરીમાં તેના માનને કોઈ આંચ ના આવે તેના માટે મેં બાળપણથી તેનું પૂત્રની જેમ પાલન-પોષણ અને સંસ્કાર આપ્યા છે.આ સાંભળીને શેઠની આંખમાંથી અશ્રુધારા વહે છે.શેઠ પત્ની અને દિકરી બંન્નેને આલિંગનમાં લઈને વિચારવા લાગ્યા કે જો મેં આ જ્ઞાનસૂત્રને જીવનમાં અપનાવ્યું ના હોત તો ઉતાવળમાં કેટલો મોટો અનર્થ થતો.મારા હાથે જ મારા નિર્દોષ પરીવારનો અંત આવી ગયો હોત.જ્ઞાનનું આ સૂત્ર તે દિવસે મને મોંઘુ લાગતું હતું પરંતુ આવા જ્ઞાનસૂત્રના માટે ૫૦૦ સોનામહોરો પણ ઓછી છે.જ્ઞાન તો અનમોલ હોય છે.

આ બોધકથામાંથી એ જ બોધ લેવાનો છે કે જીવનમાં ક્યારેક ક્રોધ આવે તો બે મિનિટ ક્રોધને કાબૂમાં રાખીને વિચાર કરીશું તો અમારા જીવનમાં સુખોનો વરસાદ થશે અને મહાન અનર્થથી બચી જઈશું તેમાં કોઈ શંકા નથી.

કામ અને ક્રોધ આવેગજન્ય દોષ છે.રોગમાં તથા વૃધ્ધાવસ્થામાં કામવેગ સમાપ્ત થઈ જાય છે.જ્યાં ભય હોય ત્યાં ક્રોધ આવતો નથી.કામ અને ક્રોધ ક્યારે ઉત્પન્ન થઈ જાય તેની ખબર પડતી નથી.ક્રોધ આવી ગયા પછી જો બુધ્ધિથી સાવધાની રાખીએ તો તેને દબાવવાનો પ્રયત્ન કરી શકાય છે.કામ-ક્રોધને આવવા જ ના દેવાય તેવી અગાઉથી કોઈ વ્યવસ્થા કરવી સંભવ નથી.આપણે જો સ્થાઈ દોષો ઉપર વધુ ધ્યાન આપીએ તો તેનું ઉન્મૂલન કરી દઈએ તો આવેગજન્ય દોષો આપણું કશું જ બગાડી શકતા નથી.આજનો માનવ કામ ક્રોધ લોભ મોહ તથા અહંકારની જાળમાં ફસાયેલો છે તેને જે કંઈ શક્તિ પ્રાપ્ત થાય છે તેથી પોતાની કુત્સિત ઈચ્છાઓને પુરી કરવા વિનાશ તથા પરપીડાનો અકલ્પનીય ખેલ ખેલી રહ્યો છે.આપણા સંપર્કમાં આવતા દરેક મનુષ્યોની સાથે ક્રોધરહીત પ્રેમભર્યો વાર્તાલાપ કરવો એ સુખની પ્રાપ્તિનો ઉપાય છે.ક્રોધ માત્ર ક્ષણભર ટકે છે,વિયોગ અલ્પ સમય લાગે છે પરંતુ મહાત્માઓનો પ્રેમ આજીવન



ટકી રહે છે.ક્રોધ ધર્મનો નાશક છે,ક્રોધ પ્રયત્નશીલ સાધકને અત્યંત દુઃખથી ઉપાર્જિત કરેલ ધર્મનો નાશ કરી દે છે.જે માનવી આ સંસારમાં પોતાનું કલ્યાણ ઈચ્છતો હોય તેને નિન્દ્રા તંન્દ્રા ભય ક્રોધ આળસ અને દીર્ઘસૂત્રપણું..આ છ દુર્ગુણો છોડવા જોઈએ.ચોવીસ કલાક ક્રોધમાં રહેનાર,નાની નાની વાતોમાં ક્રોધ કરનાર મૃતક સમાન છે.ક્રોધના કારણે મન-બુદ્ધિ ઉપર તેનું નિયંત્રણ રહેતું નથી.પૂર્વજન્મના સંસ્કારના કારણે જીવ ક્રોધી બને છે.

ક્રોધનો જવાબ મીઠી વાણીથી આપવો જોઈએ.ક્રોધના સમયે વાણી ઉપર સંયમ રાખવો જોઈએ.હંમેશાં મધુર વાણીનો જ ઉપયોગ કરવો,અભદ્ર વચનો ક્યારેય ન બોલવાં.પરમ હિતકારી સત્ય વચનો બોલવાં, કોઈના દિલને દુઃખ થાય તેવું ના બોલવું..એ વાણીની પવિત્રતા છે.જે વ્યક્તિ પોતાના વ્યવહારથી કે પોતાની વાણીની કડવાશથી બીજાનું દિલ દુભાવે છે તેના જીવનમાં અંધકાર ભરાઈ જાય છે.

ક્ષમા કરવા છતાં પણ કોઈ અપકાર કરે તેમ છતાં ક્રોધ ના કરવો અને દૈવવશ ક્રોધ ઉત્પન્ન થાય તો પણ તેને રોકવો,પોતાના મનોરથોમાં વિઘ્ન નાખનાર પ્રત્યે પણ ચિત્ત નિર્વિકાર રાખવું.જ્ઞાનમાર્ગમાં વિઘ્ન કરનાર ક્રોધ છે.

કામી-લોભીને તત્કાળ કદાચ થોડો લાભ થાય છે.કામી કામસુખ ભોગવે છે અને લોભી પૈસા ભેગા કરે છે પણ ક્રોધ કરનારને તો કાંઈ મળતું નથી માટે ક્રોધ છોડવો જોઈએ.જે સતત બ્રહ્મચિંતન કરે તેને ક્રોધ આવશે નહિ માટે ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂની શરણાગતિ લઈ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શ્વાસે શ્વાસે બ્રહ્મચિંતન કરી શાંતિનો અનુભવ કરીએ..આલોક અને પરલોક સુખી બનાવીએ આ જ જીવનનો ઉદ્દેશ્ય છે.

વિનોદભાઈ માછી
નિરંકારી
નવીવાડી, તા.શહેરા,
જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

### પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે

# બિરસા મુંડા ટ્રાયબલયુનિવર્સિટી, રાજપીપળા તથા આર્ષશોધસંસ્થાન, સ્વામિનારાયણઅક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે

## 'આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખ સ્વામી મહારાજનું પ્રદાન' વિષય પર સેમિનાર યોજાયો

રાજપીપળા, તા.૨૫/૦૮/૨૦૨૨

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે, પોતાના જીવનની ક્ષણે-ક્ષણનું બલિદાન આપનાર, અવિરત વિચરણ કરી ગામેગામ અને દેશ-પરદેશમાં પધરામણીઓ કરી, અસંખ્ય લોકોનાં સુખ-દુઃખમાં ભાગીદાર બની, તેમને આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાત આપનાર, લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર વચ્ચે અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ કરી જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન કરી સેવાનો આનંદ લેતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણિય વ્યક્તિત્વને જુદા-જુદા દષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ધ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ચાલી રહી છે.

'સૌના ભલામાં આપણું ભલું'એવી જીવન ભાવના સાથે ભારતીય સંસ્કૃતિના પ્રંચડ ઉદઘોષ કરવાના કાર્યથી લઈને આદિવાસી ઉત્કર્ષ માટે ૧૯૭૨ થી જીવનપર્યંત ગુજરાતના ડુંગરાળ અને આદિવાસી પ્રદેશોમાં, અંતરિયાળ ગામોમાં ઝૂંપડે ઝૂંપડે ઘૂમીને સત્સંગ મંડળોની સ્થાપના દ્વારા પ્રમુખસ્વામી મહારાજે આદિવાસી ભાઈઓનાં જીવન આમૂલ પલટી નાખ્યાં છે. વહેમ અને વ્યસનોની ચુંગાલમાંથી છોડાવી સદાચારી બનાવ્યા છે. જીવનમાં કલહ-કંકાસના સ્થાને આજે ભક્તિની મધુર ગીત સરવાણીથી ગુંજતા કર્યા છે. તેમણે કરેલા આવા કંઈ કેટલાય આદિવાસી સંસ્કાર ગંગાના ઉત્કર્ષના અદ્વિતીય પ્રદાનને લક્ષ્યમાં રાખીને બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન"એ વિષય પર તા.૨૫-૦૮-૨૦૨૨ના રોજ ટાઉન હોલ રાજપીપળા, ખાતે બપોરે ૦૨.૦૦ થી સાંજે ૦૪.૩૦ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાના કુલપતિશ્રી, પ્રો. ડૉ. મધુકર એસ. પાડવી, વક્તા તરીકે બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુર સ્વામિનારાયણ વેદાંતાચાર્ય, પૂ. જ્ઞાનનયનદાસ સ્વામી, આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ભરુચના કોઠારીશ્રી, પૂ. અનિર્દેશદાસ સ્વામી તેમજ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાના કાર્યકારી રજીસ્ટ્રાર, ડૉ. વિજયસિંહ આર. વાળા વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાન તેમજ દીપપ્રાગટ્યથી થઈ. ત્યારબાદ પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, નિર્ણયશક્તિ તથા દૂરંદેશીતાથી તેમણે કરેલા વિવિધ માનવ ઘડતરલક્ષી કાર્યોની સ્મૃતિ વીડિયોના માધ્યમથી કરાવાઈ હતી. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાના, કા.કુલસચિવશ્રી ડૉ. વિજયસિંહ વાળાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી ફુલહારથી સ્વાગત કર્યું હતું. તેમજ સેમિનારના આયોજન અંગેની પૂર્વ યોજના વિષે માહિતી આપી હતી તેમજ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોની સ્મૃતિ કરી હતી. સંચાલકશ્રીએ વક્તાનો પરિચય આપ્યો હતો.

"આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન"વિષયક વક્તવ્ય રજૂ કરતા પૂ. જ્ઞાનનયનદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના વિરાટ વ્યક્તિત્વનો પરિચય આપતા જણાવ્યું કે, તેઓ આધ્યાત્મિકતાની પરાકાષ્ઠાએ બેઠેલા હોવા છતાં સમાજના ઉત્કર્ષ માટે ઘણા કાર્યો કર્યા છે. ગામડે-ગામડે ઝૂંપડે-ઝૂંપડે અંતરિયાળ ૧૭ હજાર ગામડાઓમાં વિચરણ કરી ૨.૫ લાખ ઘરમાં પધરામણી કરી છે. ૭ લાખ ૬૦ હજાર પત્રો વાંચી તેના ઉત્તારો આપી તેમને માર્ગદર્શન આપ્યાં છે. રોજની ૨૦૦ થી ૩૦૦ની મુલાકાત કરી ૪૦ લાખ લોકોને વ્યક્તિગત મળ્યા છે. આવો એમના જીવનનો વ્યાપ હતો. જ્યારે જ્યારે ગુજરાત તેમજ અન્ય પ્રદેશો પર કોઈ માનવ સર્જીત કે કુદરતી આપત્તિ આવી હોય ત્યારે પ્રમુખસ્વામી મહારાજ અને બીએપીએસ સંસ્થાએ સૌથી પહેલા આગળ આવી કાર્યો કર્યા છે. તેમાં ગુજરાતના આદિવાસી કેવી રીતે વંચિત રહી શકે ! ગુજરાતમાં ૮૯ લાખ આદિવાસી બંધુઓ વસે છે. આટલા મોટો સમુદાય છે અને તેની ઘણી બધી પરંપરાઓ છે તેમ સમસ્યાઓ પણ ઘણી છે. તેમાં ગરીબી, ગુનાખોરી, વ્યસનની સમસ્યા અંધશ્રદ્ધા, લઘુતાગ્રંથિ વગેરે છે. ગરીબી પાછળ મુખ્ય કારણ આ બધા વ્યસનો છે. સાથે સાથે નિરક્ષરતા (સાક્ષરતાનો અભાવ). ૧ થી ૧૦ ધોરણની અંદર લોકો અભ્યાસ છોડી દે છે.

આ બધી સમસ્યાઓ વચ્ચે પ્રમુખસ્વામી મહારાજે કાર્ય કર્યું છે તે એકલા સરકારી તંત્રથી થઈ શકતું નથી તેથી પ્રમુખસ્વામી મહારાજે સત્સંગ સાથે તેમના ઉત્કર્ષના કાર્ય કર્યા છે તે અગત્યનું છે.

પ્રમુખસ્વામી મહારાજે ૧૯૭૧માં ગામડે-ગામડે સંતોને આદિવાસી વિસ્તારમાં મોકલી તેમના ઉત્કર્ષના કાર્ય કરવા આજ્ઞા કરેલી. સૌ પ્રથમ તેમની સમસ્યાઓને જાણી તેમને કંઈ મદદની જરૂર છે તે મદદ કરવા સ્વામીશ્રીએ વાત કરી. આદિવાસી લોકો ચૂંટણી ટાણે વધારે દારૂનું વ્યસન કરતા હોય છે. તે લોકો વ્યસન દૂષણથી મુક્ત થાય તે માટે પ્રયત્નો કર્યા છે. અંતરીયાળ ગામડાંઓમાં ચાલીને, તો ક્યારેક બળદ ગાડામાં બેસીને ઝુંપડે-ઝુંપડે વિચરણ કરી સ્વામીશ્રીએ તેમના માટે વિચરણ કર્યું છે અને ભગવાનમાં શ્રદ્ધા વધારવા માટે તેમજ અંધશ્રદ્ધામાંથી છૂટવા, વ્યસનમુક્ત થવા માટે વાતો કરી છે વ્યસન મુકાવ્યા છે.

સ્વામીશ્રીએ એક જ દિવસમાં આદિવાસી પ્રદેશોમાં ગમે તેવી અગવડો વેઠી ૧૦૦ થી વધુ ઘરોમાં પધરામણી કરી છે. બોડેલીમાં તેઓ ૧૨-૧૨ વખત દરેકના ભાવ પણ પૂર્ણ કરવા ગયા છે. દરેકની અલગ અલગ ભાવના હોય કે પ્રમુખસ્વામી મહારાજ અમારા ઘરોમાં પગલા કરે, અમારું ભોજન કરે, અનાજની કોઠી પર હાથ મૂકાવે, ગમાણમાં પધારી પશુઓને આશીર્વાદ આપે, ખેતરમાં પગલાં કરે. તેમને મળવા માટે અર્ધી રાત્રે ઊઠીને સમય આપેલો છે અને સમસ્યાઓનું સમાધાન કરેલું છે. આ રીતે દરેક આદિવાસી બંધુ માટે કાર્ય કર્યું છે. ત્રણથી ચાર લીટર દારૂ પીનારાને વ્યસન મુક્ત કરાવ્યા છે અને હાથમાં માળા ફેરવતા કર્યા છે. તેમને નાનામાં નાના વ્યક્તિને પણ કન્સિડર કર્યા છે. તેમની જરૂરીયાતો પૂર્ણ કરી છે.તેમને વસ્ત્રવિતરણ અભિયાન ચલાવ્યા છે. કુદરતી આપતી વખતે રાહત કાર્યો કર્યા છે. આરોગ્યલક્ષી સેવાઓમાં ફરતા દવાખાનાઓ



પણ ચાલુ કરાવ્યા છે. નેત્રદાન યજ્ઞ, રોગનિદાન કેમ્પો, સાક્ષરતા અભિયાનો પણ ચલાવ્યા છે. શૈક્ષણિક સંકુલો અને છાત્રાલયો પણ નિઃશુલ્ક ઉભા કર્યા છે. સાથે સાથે બાળલક્ષી વિકાસ કાર્યો કર્યા છે. સરકારી સ્કુલો પણ દત્તક લઈ શિક્ષણ સુધારણાનાં કાર્યો કર્યા છે અને આજે ૧૦૦ ટકા પરિણામ મળવા લાગ્યા છે.

ધરમપુર વાંસદામાં વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ચાલે છે, તેમાં આદિવાસી લોકો માટે નિઃશુલ્ક સગવડ આપવામાં આવે છે. તેનાથી શૈક્ષણિક જાગૃતિ આવી છે. બાળ સંસ્કાર, મહિલા ઉત્કર્ષ કાર્યો થાય છે. સમૂહ લગ્નોનું આયોજન કરી સૌના સ્વજન બન્યા છે. આદિવાસી સંમેલનો કર્યા છે. તેની ફળશ્રુતિ રૂપે તેમનામાં રહેલા વ્યસન-દૂષણો છૂટી ગયા છે. આદિવાસી વિસ્તારમાં ચાલતા શિક્ષણ સંકુલોમાંથી ડોક્ટર, એન્જીનીયર, પ્રોફેસર, ડેન્ટલ સર્જન, એમ.બી.બી.એસ. બન્યા છે. તેમની શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થઈ સાથે સાથે મહિલા ઉત્કર્ષ પણ થયો. ગૃહઉદ્યોગની ટ્રેનિંગ, સમૂહ લગ્નોનું આયોજન કરાવી ખર્ચ બચાવ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજ બધાના સ્વજન બન્યા છે. તેથી તેમને વધાવવા આખે આખા ગામ પધારતા. તેઓ પ્રેમ તેમણે પ્રાપ્ત કર્યો હતો.ભવ્ય આદિવાસી સંમેલનો કરાવ્યા તેમના જીવનના અંત સુધી આદિવાસી ઉત્કર્ષના વિકાસલક્ષી કાર્યો કર્યા છે. તેમની લઘુતાગ્રંથિને દુર કરી છે અને આજે મોટા-મોટા મંચ પર પ્રવચન કરતાં થયા છે. આવા પરિવર્તનો પ્રમુખસ્વામી મહારાજે આદિવાસી પ્રજામાં કર્યા છે. આજે તેઓ સારા મકાનોમાં રહેતા થયા, સત્સંગ સભામાં જતા થયા અને સાચી જગ્યાએ આવી ગયા છે તેઓ તેમને અહેસાસ થાય છે. ગુનાખોરી બંધ થઈ પ્રામાણિકતા તેમનામાં આવી છે. પ્રમુખસ્વામી મહારાજના આદિવાસી ઉત્કર્ષના અદ્ભુત કાર્યો અને તેમનામાં સ્થાપિત સંસ્કારો નિહાળી મકરંદ મહેતા ખૂબ જ પ્રભાવિત થયેલા.

પ્રાસંગિક ઉદબોધન કરતાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ભરૂચના કોઠારીશ્રી, પૂ. અનિર્દેશદાસ સ્વામીએ કહ્યું કે, પ્રમુખસ્વામી મહારાજની કેવી વિશાળ ભાવના હતી કે, તેમના માટે કોઈ વ્યક્તિ પરાયો ન્હોતો, તેમના માટે કોઈ પ્રદેશ અજાણ્યો ન્હોતો. પ્રમુખસ્વામી મહારાજ અમેરીકામાં નથી ગયા તેથી વધુવાર આદિવાસી વિસ્તારમાં પધારેલાં છે. તેમને સંસ્કાર આપવા, તેમનું જીવન આગળ વધે તેનાં માટે વિચરણ કરેલ છે. એક બાળકને રાજી કરવા સારું વ્યસ્ત કાર્યક્રમમાં હોવા છતા તેના માટે સમય ફાળવ્યો છે અને પધરામણી કરી સંસ્કાર લક્ષી વાતો કરી છે. તેમ દરેક આદિવાસી લોકોનો ઉત્કર્ષ થાય તેના માટે કાર્યો કર્યા છે. તેવી વાત કરી હતી પ્રાસંગિક ઉદબોધન પૂર્ણ કર્યું.

# પટાવાળાઓ કોંગ્રેસ અંગે જ્ઞાન આપે છે ત્યારે હંસી આવે છે: કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી



નવીદિલ્હી,તા.૨૭

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજયસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે શુક્રવારે સોનિયા ગાંધીને પાંચ પાનાનો પત્ર લખીને પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. આ રાજકીય ઘટના બાદ રાજયસભા સાંસદ મનીષ તિવારીએ ફરી એકવાર પોતાની પાર્ટીને સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે જો જી-૨૩એ પાર્ટીની સ્થિતિ અંગે કોંગ્રેસ સુપ્રીમોને પત્ર લખ્યો હતો, જો તેના પર ધ્યાન આપવામાં આવ્યું હોત તો આજે આવી સ્થિતિ સર્જાઈ ન હોત. સાથે જ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું કે હું ભાડુઆત નથી, પરંતુ આ પાર્ટીનો સભ્ય છું.

કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ શનિવારે કહ્યું હતું કે તેઓ આઝાદના પાંચ પાનાના પત્રની યોગ્યતા પર ટિપ્પણી કરવા માંગતા નથી જેમાં તેમણે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ટીકા કરી હતી.

તેમણે કહ્યું કે તે સમજાવવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં હશે. જ્યારે કોંગ્રેસના નેતાઓના પટાવાળાઓ પાર્ટી વિશે જ્ઞાન આપે છે, ત્યારે તે હાસ્યનું પાત્ર છે .

મનીષ તિવારીએ કહ્યું કે બે વર્ષ પહેલા અમારામાંથી ૨૩ લોકોએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો અને કહ્યું હતું કે કોંગ્રેસની સ્થિતિ ચિંતાજનક છે જેના પર વિચાર કરવાની જરૂર છે. ઘણા લોકો, પરિવારોએ તેમના લોહીથી કોંગ્રેસના બગીચાને ખજાનો આપ્યો છે. કોઈને કંઈક મળ્યું હોય તો તેમને દાનમાં મળ્યું નથી.

ગુલામ નબી આઝાદના રાજીનામા પર કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ કહ્યું કે અમને કોઈના સર્ટિફિકેટની જરૂર નથી. મેં આ પાર્ટીને ૪૨ વર્ષ આપ્યા છે. મેં આ અગાઉ પણ કહ્યું હતું કે, "અમે આ સંસ્થા (કોંગ્રેસ)ના ભાડુઆત નથી, અમે સભ્યો છીએ". હવે જો તમે અમને બહાર ધકેલવાનો પ્રયત્ન કરશો તો તે બીજી વાત છે અને તેને યોગ્ય રીતે જોવામાં આવશે.

મનીષ તિવારીએ કહ્યું કે ઉત્તર ભારતના લોકો જે હિમાલયની ટોચ તરફ રહે છે, તેઓ જુસ્સાદાર, આત્મવિશ્વાસ ધરાવતા લોકો છે. છેલ્લા ૧૦૦૦ વર્ષોથી, તેમની અસર આક્રમણકારો સામે લડવામાં આવી છે. આ લોકોની ધીરજની પરીક્ષા ન લેવી જોઈએ.

કોંગ્રેસના સાંસદ અધીર રંજન ચૌધરીએ કહ્યું કે તેમના માટે કોંગ્રેસમાં કોઈ વસ્તુની કમી નથી. આજે જ્યારે તેમને લાગ્યું કે તેમને કોંગ્રેસમાંથી રાજ્યસભાની ટિકિટ નહીં મળે તો તેમણે કોંગ્રેસ છોડી દીધી. લોકોએ આવા તકવાદી નેતાઓ વિશે જાણવું જોઈએ. તેમણે કહ્યું કે જ્યારે ભારતમાં કોવિડથી લાખો લોકો મરી રહ્યા હતા, ત્યારે મોદીજીએ કોઈ માટે અફસોસ પણ વ્યક્ત કર્યો ન હતો પરંતુ જે દિવસે ગુલામ નબી આઝાદનો રાજ્યસભામાં છેલ્લો દિવસ હતો, ત્યારે તેઓ તેમના માટે રડવા લાગ્યા હતા. તેમનું રડવું એ એક ખેલ હતો. ગુલામ નબી માટે રડવાનું કોઈ કારણ નહોતું.

# ભારતની દેખાદેખીમાં અમેરિકાએ ૧૬૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ડોલર (૧.૬ લાખ કરોડ ડોલર) ની રેવડી વહેંચી !!

આજે દેશમાં રેવડીની ઘમાસાણ ધમાલ ચાલે છે. રેવડીએ દેશને રવાડે ચડાવ્યો છે. લોકો બે ભાગમાં વહેંચાઈ ગયો છે. રેવડીની તરફેણ કરનાર. રેવડીનો વિરોધ કરનાર. તમે જો રેવડી વહેંચો તો કલ્યાણ યોજના કહેવાય. સામેવાળા વહેંચે તો રેવડી ગણવાની.

રેવડી તત્ત્વતઃ શું છે? એક સુંદર મજાનો શૈશવકાળ હતો જ્યારે ગળ્યું ખાવાનું મન થાય ત્યારે પતાસાં, સુખડી કે શીંગ રેવડી ખાવા મળી જતાં. અલબત્ત પતાસાં તો ખાંડની ચાસણીથી બનતી મીઠાઈ એટલે ઝાઝી ન ખાઈ શકાતી. વળી કોઈ ઉત્સવ કે પ્રસંગ વખતે એ ખાવાનું વધુ ચલણ રહેતું. સુખડી એટલે ઘી – ગોળમાં ઘઉંનો લોટ બનાવી તૈયાર થતી વાનગી જે નિયમિત ધોરણે ખાવા ન મળે. શીંગ અને રેવડી એ એવું કોમ્બિનેશન હતું જે બારમાસી હતું, માગો ત્યારે મળી જાય અને બહાર રમવા જઈએ કે વાડીએ મસ્તી કરવા જઈએ, ખિસ્સામાં ભરીને લઈ જવાય. રમતા-કૂદતા ભૂખ લાગે તો રેવડીને કારણે ગળપણનો સ્વાદ આવે અને બંને ભેગા ખાવાથી પેટ ભરાઈ જાય અને તલ ગુણકારી હોવાથી શરીરને તાકાત આપે. વેકેશનમાં મામાના ઘરે જઈએ ત્યારે શેરીના નાકે નાથાલાલની દુકાને ક્યારેક ટોફી – ખારી બિસ્કિટ તો ક્યારેક રેવડી – શીંગ અને બપોરે બરફગોળાનો જલસો હોય જ. મંદિરમાં પ્રસાદ તરીકે રેવડી આપવાનો રિવાજ હજી પણ ક્યાંક સચવાયો છે. ગુજરાત અને યુપીમાં રેવડીનું ચલણ વધારે રહ્યું .થોડા સમય પહેલાં ખુદ રેવડીનુી રેવડી દાણાદાણહતી!! આબરૂ ધૂળધાણી કરવામાં આવે ત્યારે રેવડી કરવી એમ કહેવાય છે. સાકર કે ગોળ સાથે બનતી તલની આ મીઠાઈનો એક ઓછો

જાણીતો પ્રયોગ છે રેવડીના પેચમાં લેવું. કોઈને ફસાવવું , સપડાવી દેવું કે આંટામાં લેવું એવો એનો ભાવાર્થ છે. અન્ય એક પ્રયોગ છે રેવડીના ફેરમાં પડવું જેનો અર્થ મુશ્કેલીમાં મુકાઈ જવું એવો થાય .રેવડી અંધકારમાં જીવન બસર કરતી હતી. દુનિયા રેવડીથી અનભિજ્ઞ હતી.જે રાતોરાત લાઈમ લાઈટમાં આવી ગઈ. માનો કે રાતોરાત લોટરી નીકળી!! વોટના બદલામાં મતદારોને લલચાવી કોઈ ભેટ આપવાનો આરોપ વિરોધ પક્ષ પર લગાવી આ પ્રથાને 'રેવડી સંસ્કૃતિ' તરીકે ઓળખાવી હતી. દરિયાપાર પણ આ નિમિત્તે 'વ્હોટ ઈઝ રેવડી?' એવો સવાલ પૂછાયો હોય તો નવાઈ નહીં.

બપોરનો સમય હતો. રજાના દિવસો સિવાય મોલમાં ગ્રાહકોની ભીડ ભાગ્યે જ હોય. મોલના એક ખૂણામાં તલસાંકળી, પતાસા, સિંગની ચિકકી, સોનપાપડી, સુખડી, સિંગસાકરિયા, દેવડા, ડ્રાયફ્રૂટ ચિકકી કોઈની પર પસ્તાળ પાડતા હતા.

" અલી, બહું ચડી વાગી છે!" સુખડીએ મેં મચકોડતા કહ્યું.

" ગઈ કાલ સુધી ખૂણામાં પડી પડી ગંધાતી હતી." તલસાંકળીએ કહ્યું

"મિડલ કલાસ. થર્ડ કલાસ. કોઈ ડાયેટ વેલ્યું નહી. અનબેલેન્સડ ફૂડ સ્ટાફ. પુઅર ગાઇસ!" ડ્રાય ફ્રૂટ ચિકકીએ સ્વેગ તેમ જ એરોગન્સી દેખાડી.

" પેલા મોટા સાહેબે જરા ઉલ્લેખ કર્યો એમાં તો ચડી વાગી છે" સિંગ સાકરિયાએ નવરાત્રીની આરતીની જેમ સિંગ સાકરિયાએ કહ્યું

આ બધાની વચ્ચે જેની પર પસ્તાળ પડતી હતી તે રેવડી અડગ ચટાનની જેમ ટટાર ઉભી હતી. તેના ચહેરા પર શરમ, ગુનેગારભાવ, પશ્ચાત્તાપ , પરાજયબોધના ભાવ પ્રતિબિંબિત થતા ન હતા.

આજથી વરસો પહેલાં પંદરમી ઓગષ્ટ કે ૨૬ મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં આગેવાનો- વેપારીની દરિયાદિલીની દાનથી નિશાળિયાને પતાસા મફતમાં વહેંચવામાં આવતા હતા. તેની સામે કોઈને વાંધો ન હતો.

આપણને હવા, પાણી, સૂરજપ્રકાશ કુદરત પાસેથી રેવડી રૂપે મળે છે તેનો હોબાળો નથી. સાહેબનું ચાલે તો તેની કિંમત વસૂલે અને તેના પર અઠાવીસ ટકા જીએસટી (જીએસટી એટલે જીવન સર્વિસ ટેકસ. ગબ્બર સિંહ ટેકસ કોણ બોલ્યું? બેશરમો !!)

આપણે જન્મથી લઈને અંતિયેષ્ટિ માટે રોકડ કે વસ્તુસ્વરૂપે રેવડી વેચીએ છીએ. ખેડુતોના ખાતામાં સહાયની રેવડી ડીબીટીથી જમા કરીએ છીએ. ખેડુત નાબાર્ડ પાસેથી લોન લે તેના વ્યાજની સબસીડીની રેવડી વહેંચીએ છીએ .એ પણ બંધ ન કરવા પડે. શાસક તરીકે વહેંચીએ એ પ્રસાદ છે. સામાવાળા વહેંચે રેવડી છે!!!ચૂંટણી સમયે નદી નહાય ત્યાં બંધ બાંધવાનું વચન આપીએ એ ચુનાવી રેવડી છે. કૂકર, મિકસચર, ટેબ્લેટ, સાઈકલ,

ઈ -બાઈક, કોમ્પ્યુટર, સ્માર્ટ ફોન, ધોતી , ફ્રી પાણી, ગેસ સિલિન્ડર, સાડી, બીડી , બુમલા, જુમલા, મંગળસૂત્ર, વીંટી, મામેરું, કરિયાવર, રોકડ રકમ, તિજોરી, ટિફિન, બેરોજગારી ભથ્થું વગેરે શું છે! કામગીરીનો આધાર લઈને કોણ ચૂંટણી લડે છે? આપણે લોકોએ ભરેલા ટેકસના નાણાંમાંથી લોકોને જ ફ્રીબીઝ આપીએ તો તેનો વિરોધ શા માટે? આપણે તાન્ઝાનિયા કે ઈથોપિયાના નાગરિકોને ખેરાત આપતા હોઈએ તે કેને વિરોધ બરાબર છે. આપણા દેશના નાગરિકોનો સરકારની કમાણી પર હક્ક છે, આ કોઈ ખેરાત નથી. દેશમાં મબલખ અનાજ પાક્યું હોય અને ટેકાના ભાવે ખરીદેલ અનાજ ગોડાઉનની સગવડ ન હોવાથી ખુલાસામાં સડે, ગોડાઉનમાં સડે , બીજી બાજુ દેશની વસ્તીનો ૧/૪ ભાગ અનાજ વિના ભૂખમરાથી પિડાતો હોય તો તેને મફતમાં અનાજ આપવું એ રેવડી કહેવાય? આવી સહાયને રેવડી કહેવી એ માનસિક નાદારીનો કેસ બને છે!!

માની લો કે મફતમાં ગરીબોને આપતી બધી બાબતો રેવડી છે તો અમીરોને મફત જમીન , સ્ટેમ્પ ડયુટીમાં મુકતિ, વેચાણવેરા, ઈલેકટ્રિક ડયૂટીમાં માફી એ રેવડી નથી તો કાજુકતરી કે અંજીરરોલ છે? આનો જવાબ કોઈ શૌધતું નથી કે મળે તો બોલતું નથી. મોં પર ખંભાતી તાળું લાગી જાય છે!!

રેવડી રેવડી સાંભળીને કાન પાકી ગયા છે. ક્યાંક તો વરસાદમાં કરાની જગ્યાએ રેવડી પડી છે!! વૃધ્ધો માટે રેવડી આફતની પુડી છે. રેવડી ખાવાથી રહ્યા સંહિતા દાંત પણ દેવ થઈ જવાની સંભાવના રહેલી છે!!ક્યાંક ગુનેગારોને કોર્ટે ફરમાવેલી સજા પૂરી થાય તે પહેલાં જેલમુક્ત કરીને રેવડી વિતરણ કરવામાં આવે છે!!હમણા એક બેંકે તેના ટોપ ઓફિસરોને રેવડી ભથ્થું સોરી મોબાઈલ ભથ્થું મંજૂર કરવાનો નિર્ણય કર્યો. જેમાં દર વરસે રૂપિયા બે લાખનું મોબાઈલ ભથ્થું મંજૂર કર્યું. આટલી મોટી તોતિંગ રેવડી આપવા છતાં કોઈ ઊહાપોહ થયો નથી. આવે કહેવાય સ્માર્ટ અને પ્રોફેશનલ રેવડી!!

અમેરિકામાં અત્યારે ૪.૩ કરોડ લોકો એવા છે કે જેમણે એજ્યુકેશન લોન મેળવી છે તેમાંથી ત્રીજા ભાગના લોકો એટલે કે ૧.૪૩ કરોડ લોકોએ ૧૦,૦૦૦ ડોલરથી ઓછી લોન લીધી છે. અમેરિકામાં કુલ એજ્યુકેશન લોનનું પ્રમાણ ૧.૬ લાખ કરોડ ડોલર જેટલું છે. જેમની વાર્ષિક આવક ૧.૨૫ લાખ ડોલર હોય અગર પરીવારની આવક ૨.૫૦'લાખ ડોલર હોય એવા વિધાર્થીની ૧૦૦૦૦ હજાર ડોલરની લોન માફ કરવાનો નિર્ણય કર્યો છે. આ યોજના કોરોના કાળમાં અમેરિકન પ્રજા ઉપર આવી પડેલા સંકટ અને ચાર દાયકાની સૌથી ઉંચી મોંઘવારી સામે રક્ષણ આપવા માટે ભણતર માટે વિધાર્થીઓએ લીધેલી લોન માફ કરવામાં આવી હતી. જેની મુદત ૩૧ મી ઓગષ્ટે પૂરી થતી હતી, જેને ૩૧ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવેલ છે!!આમ, રેવડીકરણે દેશની સરહદો ઓળંગીને અમેરિકામાં પગ જમાવી દીધો છે!! અમેરિકાએ દુનિયાની સૌથી મોંઘી ૧૬૦૦૦૦૦૦૦૦૦ ( ૧.૬ લાખ કરોડ ડોલર)ની રેવડી વહેંચી છે. શ્રીલંકાની જેમ અમેરિકાનું અર્થતંત્ર શતમુખ વિનિપાતને વરે છે કે કેમ તે જોવાનું રહ્યું!!!

ભરત વૈષ્ણવ....
૨૫.૮.૨૦૨૨.

---

## ટકી ગયો

સન્માન સામે ટકી ગયો,
અપમાન સામે ટકી ગયો.
મને ઉખાડવા જહેમત થઈ,
પ્રયત્ન સામે ટકી ગયો.
હરેક ચડિયાતી રજૂ થઈ ,
વ્યંજન સામે ટકી ગયો.
કલ્યાણનું ધ્યેય જીત્યું,
પ્રધાન સામે ટકી ગયો.
પ્રેમ કરવા સામે ફતવો ,
ફરમાન સામે ટકી ગયો.
અતિથિ ક્યારે ઘરે જશો?
મેજબાન સામે ટકી ગયો.
સ્વનું સ્વયં સ્વએ સન્માન કર્યું
બહુમાન સામે ટકી ગયો.
ઐક્ય સાધવા વલખા માર્યા,
અરમાન સામે ટકી ગયો.
અહીં બધાને મિત્રો બનાવ્યા,
દુશ્મન સામે ટકી ગયો!
રૂપ, હુસ્ન, અદાએ દગો દીધો,
સખી સામે શું ટકી ગયો?
ભરત વૈષ્ણવ
૨૭.૮.૨૦૨૧.ઈ કવિતા




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0089

વિષય : અવાજ અને પડછાયો

પ્રકાર : ગદ્ય

શીર્ષકઃ વિરુદ્ધ

અવાજ અને પડછાયો એક જ વ્યક્તિમાં હોવા છતાં મળવું ભાગ્યમાં નથી.

અવાજને પડછાયો દેખાતો નથી. પડછાયો અવાજ સાંભળી શકતો નથી.

એકબીજાને સમજવાનો પ્રશ્ન અસ્થાને છે.

પડછાયો સાથ નિભાવે , દેખાય પણ ખરો યા અદ્રશ્ય હોય. ટાઢ કે તડકો તેને ચલાયમાન ન કરે. સવાર હોય કે સાંજ શું ફરક પડે ? હા તેનું કદ નાનું યા મોટું હોઈ શકે.

ભલભલા જીવનની રાહ પર મળ્યા, કદમ બે કદમ સાથે ચાલ્યા અરે વર્ષોનો સહવાસ માણ્યો પણ સાથ ત્યજ્યો!

કિંતુ પડછાયો, સૂતા જાગતા તમારી સંગે. ફરિયાદ ન કરે, વિશ્વાસઘાતથી અજાણ.

પેલો અવાજ બહાર નિકળતા પહેલા મુંજવે , દિમાગમાં તુમુલ યુદ્ધ કપાવે. છતાં જો નીકળે તો શાંતિનું સામ્રાજ્ય ફેલાવે યા વાતનું વતેસર કરે.

સ્થળ અને સંજોગ પ્રમાણે અનુસરવું અગત્યનું છે. તલવાર કરતાં ગહેરી ચોટ પહોંચાડે. નારાજગી યા ખુશી પળમાં ફેલાવે. કર્કશ યા પ્રેમાળ અવાજને પારખતા વાર ન લાગે.

દરેક વ્યક્તિ પડછાયો અથવા અવાજના માધ્યમ દ્વારા જંગની સાથે સંપર્ક જાળવી શકે.

યાદ રહે અવાજને પડછાયો ન હોય, પડછાયા ને અવાજ ન હોય. પડછાયો મુંગો અને બહેરો છે. અવાજ વાજતે ગાજતે પધારે છે.

બંનેનો શરીર સાથે ગાઢ સંબંધ છે. ગુલામી ભોગવવી છે કે માલિક બનવું છે? જીંદગી સરળ અને સુગમ બનાવો.

પ્રવિણા કડકિઆ

---------------------------------

NOG SS No : 0110

પ્રકાર : ગદ્ય- લઘુ વાર્તા

વિષય : અવાજ અને પડછાયો

શબ્દો : ૩૪૩

શીર્ષક : 'રૂપલી નું રૂપ'

લેખકનું નામ : નખિલ કિનારીવાળા (અમદાવાદ)

પતિ મનજીના યુવાન વયે આકસ્મિક અવસાન પછી રૂપલી ડઘાઈ ગઈ હતી. યુવાનીમાં વિધવા થવાથી ગામલોકોના અને સમાજના મહેણાં ટોણા સાંભળવા, આ બધું રૂપલીએ મન મજબૂત કરીને સહેવું જ રહ્યું હતું. આ ઉંમરે ફાટફાટ થતી યુવાની અને ગંદી દૃષ્ટિવાળા લોકોની મેલી નજરથી બચવું રૂપલીને માટે બીજી એક સમસ્યા હતી. રૂપલી અને દીકરી ગીતા તેના સાસુ-સસરા મોહનભાઈ અને સીતાબેન સાથે એક નાનકડા ઘરમાં રહેતી હતી. તેના કાકા સસરા કરસનભાઈનું કુટુંબ પણ તેમના ઘરની બાજુના જ ગાળાના ઘરમાં રહેતું હતું. ખેડૂત કુટુંબ હોવાથી મોહનભાઈ અને કરસનભાઈ બંને તેમની સહિયારી ખેતીની જમીનમાં ખેતીનું કામ કરતા. કરસનભાઈની મોહનભાઈના ઘરમાં ખાસ કરીને મનજીના મૃત્યુ પછી અવરજવર વધી ગઈ હતી. રૂપલીનું રૂપ તેમના મેલા મનમાં વસી ગયું હતું.

રૂપલી કરસનકાકાને પોતાના કાકા સસરા હોવાથી આમન્યાપૂર્વક જોતી હતી. પરંતુ કરસનકાકા જ્યારે પણ મોકો મળે રૂપલીની નજીક જઈને તેને તેમના મલિન ઈરાદાથી સ્પર્શ કરવા કોશિશ કરતા. ધીરે ધીરે રૂપલી તેમને કળવા લાગી અને કરસનકાકાથી અંતર બનાવી રાખવા લાગી. આ બાબતે તેણે માતા સીતાબેનને વાત કરવા પ્રયત્ન કર્યો ત્યારે ઉપરથી તેને સલાહ આપવામાં આવતી કે હવે તેણે યુવાનીના દિવસો સાચવીને પસાર કરવા અને સંયમ જાળવી વિવેકપૂર્વક વડીલોની આમન્યા જાળવવી.

હવે રૂપલીએ મનોમન નક્કી કરી લીધું હતું કે તે કરસનકાકાના પડછાયાથી પણ દૂર રહેશે અને પોતાના શિયળની રક્ષા કરશે. એ દિવસે માતા સીતાબેન લૌકિક કામે ગામમાં ગયા હતા અને પિતા મોહનભાઈ ખેતરમાં ગયા હતા. મોકો જોઈને કરસનકાકા ઘરમાં આવ્યા અને રૂપલીને ચા બનાવવા કહ્યું. રૂપલી દીકરી ગીતાને લઈને રસોડામાં જઈ ચા બનાવવા લાગી.

એવામાં ન ગમતો પડછાયો તેની તરફ આગળ વધવા લાગ્યો. કરસન કાકા રૂપલીની નજીક આવી તેને સ્પર્શ કરવા કોશિશ કરવા લાગ્યા. તેમના બિહામણા અવાજમાં રૂપલીના રૂપના વખાણ કરી તેને પોતાના વશમાં થવા સમજાવવા લાગ્યા. રૂપલીએ મોટા અવાજે કરસનકાકાને તેનાથી દૂર રહેવા ચેતવણી આપી. પરંતુ કરસનકાકાનો બિહામણો પડછાયો રૂપલી પર તરાપ મારવા આગળ વધી રહ્યો હતો. બંને વચ્ચે ઝપાઝપી થઈ. પોતાના શિયળના રક્ષણમાં રૂપલીએ ગરમ ગરમ ચા ભરેલી તપેલી કરસનકાકાના મોં ઉપર ઝીંકી દીધી. કરસન કાકા 'મરી ગયો, હું તને જોઈ લઈશ' બોલવાના કર્કેશ અવાજ સાથે ત્યાંથી ભાગ્યા. રૂપલી દીકરી ગીતાને પોતાની સોડમાં ખેંચીને બે હાથ જોડી ભગવાનનો પાડ માની રહી. તેની આંખમાં આંસુ હતા પરંતુ સાથે ગુસ્સાનો જ્વાળામુખી પણ ભભૂકી રહ્યો હતો.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૭ ઓગસ્ટ ૨૦૨૨

# શ્રી જુલેલાલ ચાલીસા સાહેબ ઉત્સવ

સિંધી સમાજ ના ઈષ્ટદેવ જુલેલાલ ચાલીસા મહોત્સવ તા.૨૦-૦૭-૨૦૨૨ , બુધવાર ના રોજ થી શરૂ થયેલ તે તા.૨૮-૦૮-૨૦૨૨ ,રવિવાર ના રોજ પૂર્ણાહુતિ થશે .

૧.જુલેલાલ મંદિર, સિંધી કોલોની, દરરોજ સવારે પ્રભાત ફેરી નીકળે છે અને છેલ્લા દિવસે પૂર્ણાહુતિ માટે સાંજે ૪:૦૦ વાગે ઢ.ત્ન. ના તાલ સાથે અને જુલેલાલ ના નારા સાથે લાલ પરી જ્યોત લઈને જઈશું. ઉપરાત ૭:૦૦ થી ૧૧:૦૦ મહા પ્રસાદ જુલેલાલ મંદિર પર રાખેલ છે તેમનું લાભ લેશો.

૨.શ્રી જુલેલાલ સિંધી સેવા મંડળ, ગાયકવાડી ૮ ,ગુરુ જો દર, સવારે ૧૦ વાગે જ્યોતિસાહેબ લઈને ચાલીસા સાહેબનું કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવશે અને મહાપ્રસાદ ૧૨:૦૦ થી ૩:૦૦ ગુરુનાનક હોલ માં રાખેલ છે અને ભેરણા સાહેબ ૩:૦૦ થી ૩:૩૦ પૂર્ણાહૂતિ માટે આજી ડેમ લઈ ને જશું.

ઉપરાંત જુલેલાલ મ્યુજિકલ પાર્ટી જુલેલાલ ચાલીસા પૂરતું જ રૂ.૨૫૧ ટોકન દરે મોજ વર્ષોથી અનેરી સેવાકીય પ્રવૃતિ કરે છે અને




તે પૈસા નું મંદિર ના કામકાજ માં ઉપયોગ થાય છે.

૩.શ્રી જુલેલાલ સેવા સંગીત, ગુ.હા.બોર્ડ, એચ.જે.સ્ટીલ સામે, દૂધ સાગર રોડ, સાંજે ૬:૦૦ વાગે ભેરણા સાહેબ રાખવામા આવશે અને ૮:૦૦ વાગે જ્યોત વિસર્જન માટે લાલ પરીએ જશે. તેમજ રાત્રે ૯:૦૦ વાગે મહાપ્રસાદ રાખેલ છે. જેનો લાભ લેશો.

૪. શ્રી નવાનાકા રોડ સિંધી કાપડ બજાર એસોસિએશન દ્વારા શ્રી ઝૂલેલાલ સાહેબ ના ચાલીસા પુર્ણાહુતી નિમિતે સવારે ૧૦ થી ૨ થેલેસમીયા ગ્રસ્ત બાળકો માટે રક્તદાન કેમ્પ રાખેલ છે તેમજ ૧ વાગે લંગર પ્રસાદ નું આયોજન કરેલ છે, ઉપરાંત ૧૧:૦૦ થી ૧:૦૦ મ્યુજિકલ પાર્ટી રાખેલ છે ,ધર્મ પ્રેમિયો ને લાભ લેવા વિનંતી.શ્રી ચાલીસા સાહેબજી લખ લખ વાધાયું....આપ સૌને આ કાર્યક્મો માં હાજર રેવા માટે વિનંતી છે.

# શિવાજી પાર્કની દશેરાની સભા હાઈજેક કરવાની કરી તૈયારીઃ ભાજપનું પણ સમર્થન

મુંબઈ,તા.૨૭

મહારાષ્ટ્રમાં શિવસેના અને દશેરા મેળાનો અતૂટ સંબંધ છે. આ પ્રસંગે દાદરના શિવાજી પાર્ક મેદાનમાં યોજાનારી શિવસેનાની રેલીમાં રાજયના ખૂણે-ખૂણેથી શિવસૈનિકો ભાગ લેતા હોય છે. આ વર્ષે ૫ ઓક્ટોબરે આવનાર દશેરાના દિવસે ઉદ્ધવ ઠાકરે અને મુખ્યમંત્રી એકનાથ શિંદેના જૂથ વચ્ચે ચાલી રહેલી લડાઈ વચ્ચે આ રેલીનું આયોજન થશે. હાલમાં શિવસેનાની રેલીનું આયોજન કોણ કરશે તેનો જંગ ચાલુ થઈ ગયો છે.

રેલી પહેલાં જ શિવાજી પાર્ક મેદાનમાં દશેરાની સભાનું ખરેખર આયોજન કોણે કરવું તે અંગે જંગ શરૂ થઈ ગયો છે. શિવસેનાએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને સભાની પરવાનગી મેળવવા અરજી કરી છે. હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશને પરવાનગી આપવામાં મોં ફેરવી લીધું હોવાના સમાચાર આવી રહ્યા છે. આ સાથે એકનાથ શિંદેનું જૂથ પણ તેમાં રસ લે તેવી પ્રબળ શક્યતા છે.

મહારાષ્ટ્રમાં શિવસેનામાં બળવો થયા પછી ઉદ્ધવ ઠાકરે જૂથ અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જૂથ અસલી શિવસેનાને લઈને લડી રહ્યા છે. શિવસેનાના ૪૦થી વધુ ધારાસભ્યોને પોતાના પક્ષમાં લીધા બાદ શિંદેએ શિવસેના પરના પોતાની દાવેદારીનો કેસ નોંધાવી દીધો છે. હાલમાં આ વિવાદ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. પક્ષ પર દાવો કરવા માટે બંને જૂથના હોદ્દેદારોની એફિડેવિટ એકત્રિત કરવામાં આવી રહી છે.

સુપ્રીમ કોર્ટની સાથે સાથે જમીની લેવલે પણ શિવસેનામાં સંઘર્ષ ચાલી રહ્યો છે. હાલમાં એકનાથ શિંદેની નજર ઓક્ટોબરમાં યોજાનારી શિવસેનાની દશેરા રેલી પર છે. શિવસેનાની દશેરા સભાનું આયોજન છેલ્લા ઘણા સમયથી શિવાજી પાર્ક મેદાનમાં કરવામાં આવે છે. વરસાદના કારણે બે-ત્રણ વખત સભા રદ કરવી પડી હતી.

શિવસેનામાં ભાગલા પડ્યા બાદ અસલી શિવસેના કોણ છે તે અંગે વિવાદ શરૂ થયો છે. આવી સ્થિતિમાં આ વર્ષે દશેરા મેળાનું મહત્વ વધુ વધી ગયું છે. શિવસેનાએ સાવચેતીના ભાગરૂપે સભાની પરવાનગી માટે અરજી કરી છે.

# કોટનના વાયદા કોન્ટ્રેક્ટની સુસંગતતા વધારવા માટે કોટનના હિસ્સેદારોની સેબી સાથે બેઠક

મુંબઈઃ એમસીએક્સના કોટન વાયદા કોન્ટ્રાક્ટને લગતા વિવિધ પાસાઓ અને મૂલ્ય શ્રૃંખલાની વ્યાપક ભાગીદારી માટે કોન્ટ્રેક્ટની સુસંગતતા વધારવાની રીતો અને માધ્યમોની ચર્ચા કરવા માટે સેબી, ટેક્સટાઈલ કમિશનર, ટેક્સટાઈલ મંત્રાલયના અધિકારીઓ, ટેક્સટાઈલ એડવાઈઝરી ગ્રુપ (ટીએજી), કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, સીએઆઈ, સીઆઈટીઆઈ, સીમા અને એમસીએક્સ તથા એમસીએક્સસીસીએલ વગેરે જેવી ઉદ્યોગ સંસ્થાઓની સંયુક્ત બેઠક ૨૬ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ સેબી ભવન, બીકેસી ખાતે યોજવામાં આવી હતી. તદનુસાર, એક્સચેન્જ દ્વારા નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું હતુંઃ

(એ) જાન્યુઆરી અને ત્યારબાદના કોન્ટ્રેક્ટમાં સુધારેલા કોન્ટ્રેક્ટના ધારાધોરણો સાથે ટ્રેડિંગઃ એક્સચેન્જની પ્રોડક્ટ એડવાઈઝરી કમિટી સાથે પરામર્શ કરીને કોટન કોન્ટ્રેક્ટના ધારાધોરણોની જરૂરી હોય તે મુજબ પુનઃ ચકાસણી અને ફેરફાર કરવામાં આવશે, જેમાં ટેક્સટાઈલ એડવાઈઝરી ગ્રુપ (ટીએજી)ના સભ્યો સહિત અન્ય હિસ્સેદારોના આમંત્રિતો પણ સામેલ હશે. હાલના ધોરણોમાં ઓપન ઈન્ટરેસ્ટ સાથે ચાલતા કોન્ટ્રાક્ટમાં ફેરફારને મંજૂરી નહીં હોવાથી, જાન્યુઆરી ૨૦૨૩નો કોન્ટ્રાક્ટ અને ત્યારબાદના કોન્ટ્રાક્ટ જ્યાં સુધી કોન્ટ્રેક્ટના ધારાધોરણોને સુધારીને અંતિમ સ્વરૂપ આપવામાં ન આવે ત્યાં સુધી ટ્રેડિંગ માટે અસ્થાયી રૂપે ઉપલબ્ધ રહેશે નહીં, આ સુધારો ૩૦ દિવસના સમયગાળામાં કરવામાં આવશે.

(બી) પ્રોડક્ટ એડવાઈઝરી કમિટીની પુનઃ રચનાઃ એક્સચેન્જની કોટન પ્રોડક્ટ એડવાઈઝરી કમિટીનું વિસ્તરણ કરવું જેથી ટેક્સટાઈલ ઉદ્યોગ સહિતના મૂલ્ય શ્રૃંખલાના સહભાગીઓનું વધુ પ્રતિનિધિત્વ કરવામાં આવે.

(સી) હિસ્સેદારોનો વ્યાપક સમાવેશઃ સમગ્ર દેશમાં કોટન ઉદ્યોગના વિવિધ હિસ્સેદારોમાં કોટન વાયદાના વેપાર અંગે વ્યાપકપણે શિક્ષણ અને જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે ઉદ્યોગ અને વેપારી સંસ્થાઓ સાથે સહયોગ વધારવા માટે ચર્ચા કરાઈ હતી.

(ડી) દેખરેખને મજબૂત બનાવવુંઃ કોટન કોન્ટ્રાક્ટમાં કોઈપણ પ્રકારના બજાર દુરુપયોગને રોકવા માટે એક્સચેન્જ સર્વેલન્સ મિકેનિઝમ વધુ મજબૂત બનાવાશે અને નજીકથી દેખરેખ રાખવામાં આવશે.

# દુધના ધંધાની હરિફાઈના કારણે કચ્છના માધાપરમાં રબારી યુવાનની હત્યા બાદ કોમી તંગદીલી

## રબારી અને મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા શાંતિ જાળવવા અપીલ

ભુજ,તા.૨૭

પશ્ચિમ કચ્છના ભૂજ નજીક આવેલા માધાપર ગામે દુધના ધંધાની હરિફાઈના કારણે રબારી યુવાનની મુસ્લિમ શખ્સે કરેલી હત્યાના પગલે કોમી તંગદીલી સર્જાય હતી. ઉશ્કેરાયેલા ટોળાએ માધાપરની મસ્જીદ, દુકાન અને રેકડીમાં તોડફોડ કરતા રબારી અને મુસ્લિમ સમાજના આગેવાનો આમને સામને આવી જતા પરિસ્થિતિ વણસી જતાં બોર્ડર રેન્જ આઈજી સહિતના પોલીસ સ્ટાફ માધાપર ખાતે દોડી આવ્યા હતા અને હત્યાના અને તોડફોડના ગુનામાં સંડોવાયેલા બંને જૂથ્થના શખ્સોની અટકાયત કરી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે કચ્છમાં વિવિધ લોકાપર્ણ અને રોડ શોના કાર્યક્રમ પૂર્વે જ કોમી રમખામ થતાં પોલીસમાં દોડધામ મચી ગઈ છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા વધારાનો પોલીસ સ્ટાફ માધાપર



ખાતે બોલાવી લેવાયો છે. બીજી તરફ બંને સમાજના આગેવાનો દ્વારા શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ભૂજ નજીક આવેલા માધાપર ગામે રહેતા પરેશ રબારી અને કમલેશ રબારી દુધનો ધંધો કરે છે. તેની સાથે ધંધાકીય હરિફાઈના કારણે સુલેમાન શમા સાથેની મિત્રતા અદાવતમાં પરિણમી હતી. ગઈકાલે સુલેમાન શમાએ પરેશ રાણા રબારી અને તેના ભાઈ કમલેશ રાણા રબારીને માધાપરની લોહાણા સમાજની વાડી પાસે બોલાવી સમાધાનની ચર્ચા કરી રહ્યા હતા તે દરમિયાન બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા ઉશ્કેરાયેલા સુલેમાન શમાએ બંને ભાઈને છરીના ઘા ઝીંકી દેતા બંનેને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ભૂજની જી કે જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન પરેશ રબારીનું મોત નીપજતા બનાવ હત્યામાં પલ્ટાયો હતો.

પરેશ રબારીની હત્યાના સમાચાર વાયુવેગે પસરી જતા રબારી સમાજના ટોળે ટોળા હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. અને જ્યાં સુધી સુલેમાન શમાની ધરપકડ કરવામાં ન આવે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈક્રાર કર્યો હતો. પરેશ રબારીની હત્યાના કારણે ઉશ્કેરાયેલા ટોળાએ માધાપરની મસ્જીદ પર હુમલો કરી લાઈટ અને પંખામાં તોડફોડ કરી હતી. દુકાનો અને રેકડી પર પથ્થરમારો કરી નુકસાન કરતા મુસ્લિમ સમાજ પણ રસ્તા પર ઉતરી આવ્યા હતા.

રબારી અને મુસ્લિમ સમાજ આમને સામને આવી જતાં કોમી તંગદીલી સર્જાય હતી. કચ્છમાં આવતીકાલે જ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિવિધ લોકાપર્ણ અને રોડ શો હોવાથી પોલીસમાં દોડધામ મચી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે માધાપર ખાતે બોર્ડર રેન્જ આઈજી અને પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડાએ કેમ્પ કર્યો છે. સમગ્ર જિલ્લાની પોલીસને માધાપર ખાતે બંદોબસ્તમાં ગોઠવી દીધી છે. હત્યા અને તોડફોડ અંગે બંને સમાજના શખ્સો સામે ગુના નોંધી અટકાયત કર્યા બાદ પોલીસની સમજાવટથી પરેશ રબારીનો તેના પરિવારે મૃતદેહ સ્વીકાર્યો હતો. માધાપર શાંતિ જાળવવા રબારી સમાજ અને મુસ્લિમ સમાજ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# લખનૌ ભાજપના પ્રદેશ કાર્યાલયમાં ઘૂસી આધેડને આગ ચાંપી

લખનૌ,તા.૨૭

રાજધાની લખનૌના હઝરતગંજમાં બીજેપી સ્ટેટ ઑફિસના ગેટ નંબર ૨ પર ત્યારે હંગામો મચી ગયો જ્યારે શુક્રવારે રાત્રે એક આધેડ વ્યક્તિએ પોતાની જાતને આગ લગાવી અને અંદર ઘૂસી ગયો. તે જ સમયે, ઘટનાસ્થળે હાજર પોલીસકર્મીઓએ આગને આગની જ્વાળાઓમાં ઘેરાયેલી જોઈને કાબૂમાં લીધી હતી. જે બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં ડીસીપી મધ્ય અપર્ણા રજત કૌશિક, એડીસીપી રાજેશ શ્રીવાસ્તવ પહોંચી ગયા હતા.

જણાવી દઈએ કે બલરામે મકાનમાલિક પર ઉત્પીડન અને ઠાકુરગંજ પોલીસ પર તેમની વાત ન સાંભળવાનો આરોપ લગાવ્યો છે. બલરામની પત્ની સોનિયાના કહેવા પ્રમાણે, તે ઠાકુરગંજ આમ્રપાલી યોજનામાં મનીષ પાલ સાથે ભાડેથી રહે છે. મારા પતિએ છ મહિના પહેલા નોકરી ગુમાવી દીધી હતી. તેની પાસે ભાડાના નવ હજાર રૂપિયા બાકી હતા. નબળી આર્થિક સ્થિતિના કારણે ૧૦ દિવસ પહેલા મકાન માલિકને રૂ. મકાનમાલિક મનીષ તેના પર વધુ ત્રણ હજાર રૂપિયા લેવા દબાણ કરતો હતો. તે અપમાનજનક હતો. પોલીસમાં અભદ્રતાની ફરિયાદ કરી હતી અને પૈસા ચૂકવવા માટે થોડો સમય માંગ્યો હતો પરંતુ સુનાવણી હાથ ધરવામાં આવી ન હતી. પતિ શુક્રવારે ઘરેથી નીકળી ગયો હતો. તેઓએ ગેટ નંબર બે પાસે ભાજપ કાર્યાલયને આગ લગાડી અને અંદર પ્રવેશવાનું શરૂ કર્યું. આ જોઈને પોલીસ કર્મચારીઓએ તેમને રોક્યા હતા અને ધાબળા વગેરે નાખીને આગ બુઝાવી હતી.

# સ્મૃતિવનની સફર: એક ઉજ્જડ જમીનથી વિશ્વકક્ષાના પર્યટક સ્થળ સુધી

ગાંધીનગર, ૨૭ ઓગસ્ટ, ૨૦૨૨: ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કચ્છમાં સ્મૃતિવનનું લોકાર્પણ કરશે. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના દિવસે આવેલા ગોઝારા ભૂકંપમાં જીવ ગુમાવેલા નાગરિકોની યાદમાં આ સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ પ્રોજેક્ટને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

૪૭૦ એકરમાં ફેલાયેલું આ સ્મૃતિવન, ભુજના જાજરમાન ભુજિયા ડુંગર પર બનાવવામાં આવ્યું છે. જોકે હજુ પણ ભુજિયા ડુંગરના મહત્વ અને સ્મૃતિવન નિર્માણ પાછળની હકીકત વિશે આપણે એટલું જાણતા નથી.

ભારત સરકાર પાસેથી જમીન મેળવવાની પ્રક્રિયા

પ્રોજેક્ટની શરૂઆત પહેલા આ જગ્યા એક બંજર જમીન હતી અને ભારતીય સેનાના અધિકારક્ષેત્રમાં આવતી હતી. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના વહીવટીતંત્રે ભારતીય સેના પાસેથી એક રૂપિયાના ટોકન ભાવે ૫૦ વર્ષની લીઝ પર જમીન લીધી હતી.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ આ જમીન આખરે ગુજરાત સરકારને સોંપવામાં આવી હતી.

સ્મૃતિવનનું બેનમૂન સ્થાપત્ય

સ્મૃતિવન એ કોઈ સામાન્ય પર્યટન સ્થળ નથી. મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીની ઈચ્છા હતી કે દરેક ભોગ બનેલા નાગરિકની યાદમાં એક વૃક્ષ વાવવામાં આવે જે પુનર્જન્મ, પુનર્નિમાણ અને આશાનું પ્રતીક છે. અહીં વૃક્ષ રોપવા એ એક પડકારજનક કાર્ય હતું. જંગલમાં વૃક્ષોનો ઉછેર આપમેળે થાય છે જ્યારે અહીં ભુજના વાતાવરણ અને વારંવાર નિર્માણ થતી દુષ્કાળની પરિસ્થિતિના લીધે વૃક્ષોનો ઉછેર કરવો મુશ્કેલ કાર્ય હતું. આ સ્થિતિમાં પાણીનું એક એક ટીપુ બચાવી જળસંચય થાય તે જરૂરી બન્યું હતું. તેથી ગેબિયન દિવાલોની મદદથી જળાશયોનું નિર્માણ કરવામાં આવ્યું જેનાતી ડુંગર પરથી વહી જતુ પાણી તેમાં એકત્ર થાય અને જમીનની અંદર જતું રહે. આ રીતે જમીનનું ધોવાણ પણ બચાવવામાં આવ્યું હતું. કુદરત સામે પડવાની જગ્યાએ, અહીં કુદરતની ઉર્જાના સહારે કામ પાર પાડવામાં આવ્યું હતું.

સ્મૃતિ વનના સ્મારક ભાગની રચના કરનાર પ્રખ્યાત આર્કિટેક્ટ બી.વી.દોશી કહે છે કે, ×જ્યારે સાચા દિલથી તમે અમર આત્માઓને શ્રધ્ધાંજલી આપો તો રણ જેવા વિસ્તારમાં પણ હરીયાળી છવાઈ જાય છે.×

સ્મૃતિવનના એક છેડે સન પોઈન્ટ છે અને બીજે છેડે મ્યૂઝિયમ છે અને તેની વચ્ચે જળાશયો આવેલા છે. દિલ્હીના જંતર મંતરની જેમ જ ,સન પોઈન્ટ એ ચંદ્રની કળાઓ અને ચંદ્ર સૌર તિથિપત્રને તેના વૈજ્ઞાનિક મહત્વ સાથે દર્શાવે છે. મ્યૂઝિયમમાં ભૂકંપનો અનુભવ લેવા માટે એક ધ્રુજતું થિયેટર છે જે મુલાકાતીઓ માટે અનેરૂ આકર્ષણ બની રહેશે. કચ્છની સંસ્કૃતિ અને ખુમારીને અહીં દર્શાવવામાં આવી છે. જળસંચય, પશુપાલન, ઉદ્યોગોનું આગમન અને નવી ટેક્નોલોજીનો સ્વીકાર સહિતની બાબતોને અહીં દર્શાવવામાં આવી છે. હડપ્પાની સંસ્કૃતિથી લઈને આધુનિક વિકાસયાત્રાની ઝલક અહીં સૌ કોઈ માણી શકશે.


# આણંદની હોસ્ટેલમાં ૨૧ વર્ષના કાશ્મીરી વિદ્યાર્થીએ આપઘાત કર્યો

આણંદ,તા.૨૭

રાજ્યમાં વિદ્યાર્થીઓના આપઘાતના કિસ્સાઓ સતત વધતા જઈ રહ્યા છે. પરીક્ષાના તણાવમાં આવીને અથવા તો નાપાસ થવાના ડરથી વિદ્યાર્થીઓ પોતાનું જીવન ટૂંકાવી લે છે અને આ પ્રકારના કિસ્સાઓ અવાર નવાર પ્રકાશમાં આવતા રહે છે. ત્યારે આવામાં વધુ એક ૨૧ વર્ષના વિદ્યાર્થીએ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. વિદ્યાનગર સરદાર પટેલ યુનિવર્સિટીની હોસ્ટેલનો આ બનાવ બન્યો છે.

આ અંગે મળતી માહિતી અનુસાર,સરદાર પટેલ યુનિવર્સિટીની નહેરુ હોસ્ટેલમાં અભ્યાસ કરતા ૨૧ વર્ષના વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. નહેરુ હોસ્ટેલની રૂમ નંબર ૨૫માં પંખે લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં વિદ્યાનગર પોલીસ ઘટના સ્થળે આવીને તપાસ હાથ ધરી છે.

મહત્વનું છે કે, ઘટના સ્થળે પહોંચેલી પોલીસે ૧૦૮ ને ફોન કરી વિદ્યાર્થીના મૃતદેહને પીએમ માટે શ્રી કૃષ્ણ હોસ્પિલ ખાતે ખસેડાયો છે. અભ્યાસ કરતા કાશ્મીરી વિદ્યાર્થીનું નામ મહંમદ સફી છે.



ગાંધીનગર ખાતે બ્રહ્મભટ્ટ-બારોટ સમાજનું સ્નેહમિલન યોજાયું જેમાં ઓબીસી એકતા મંચ ના હિતેશ બારોટ વસાઈ ડાભલા વાળા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

# ગાંધીનગર મહાનગરપાલિકાની ઢોર પકડતી ટીમ પર એક મહિલા તથા ઈસમ દ્વારા હુમલો, બળજબરીપૂર્વક ઢોરને છોડાવ્યા

ગાંધીનગર,
તારીખ: ૨૭ ઓગસ્ટ ૨૦૨૨

ગાંધીનગરના નાગરિકોને રખડતા ઢોરના ત્રાસથી મુક્ત કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાની સી.એન.સી.ડી. શાખા દ્વારા મહાનગરપાલિકા હદ વિસ્તારમાંથી રખડતા ઢોર પકડવાની કામગીરી નિયમિત ધોરણે કરવામાં આવે છે. આ સંદર્ભે આજરોજ માનનીય વડાપ્રધાનશ્રી ગાંધીનગર ખાતે મુલાકાત લેનાર છે. જેને લઈને વડાપ્રધાનશ્રીના આગમન તથા કાર્યક્રમના નક્કી થયેલ રૂટ પર ઢોર પકડવાની કામગીરી કરવામાં આવી રહી હતી. શહેરના ખ – ૩ સર્કલ પાસે રખડતા ઢોરને પકડીને પાંજરામાં પુરવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી હતી. આ દરમિયાન એક મહિલા અને તેના સાગરિત ઈસમ દ્વારા મહાનગરપાલિકાની ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો. ઢોર પકડવા આવેલ ટીમ અને સુરક્ષા માટે તૈનાત એસ.આર.પી.એફ.ના જવાનો પર જાન લેવા હુમલો કરીને પકડેલ ઢોરને દોરડું કાપી છોડાવી ગયા હતા. આ સમગ્ર ઘટનાના પુરાવા મહાનગરપાલિકાના કર્મચારીઓના કેમેરામાં કેદ થયા છે. શહેરીજનોની સમસ્યાના નિરાકરણ માટે કાર્યરત સી.એન.સી.ડી.ની ટીમ પર કરવામાં આવેલા હુમલાના ફૂટેજમાં જોઈ શકાય છે કે, મહિલા તથા તેના સાગરિત દ્વારા બળજબરીપૂર્વક ઢોરને છોડાવવામાં આવી રહ્યા છે તથા સુરક્ષા જવાનો પર પણ હુમલો કરવામાં આવી રહ્યો છે. આવા અસામાજિક તત્વો પર પોલિસ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે. જેથી આવી ઘટનાનું પુનરાવર્તન ન થયા તે માટે તકેદારી રાખવા વિનંતી કરવામાં આવે છે. આવી વિકટ તથા વિપરિત પરિસ્થિતિમાં અનેક પડકારોનો સામનો કરીને મહાનગરપાલિકાના ઉપરોક્ત સ્ટાફ દ્વારા ઓગસ્ટ ૨૦૨૨માં આજદિન સુધી ૫૬૧ ઢોર પકડવામાં આવ્યા છે. ભવિષ્યમાં પણ રખડતા ઢોરને પકડવાની ઝૂંબેશ ચાલું રાખવામાં આવશે.

# ફોર્થ બ્રિજ - પુલ જેવો પુલ છતાં દુનિયામાં પ્રખ્યાત !



વર્ષોથી યુ.કે.માં સ્થાયી થયેલા મારા નાના ભાઈ ભૌતિક શુકલએ અમને સ્કોટલેન્ડ બતાવ્યું. આતંકવાદીઓએ બોમ્બ દ્વારા લોકરબી ગામ ફૂંકી માર્યુ હતુ તેની સફર કરાવી; પછી દિકરા જ્યોલીન અને અવનીને ત્યાં મુકવા પાછા આવવા નીકળ્યા ત્યાં જ તેને યાદ આવ્યું કે, 'એક બ્રિજ પણ જોવા જેવો છે તે જોઇ, માહિતી લઇ આવીએ!' મેં કહ્યું, 'પુલ જેવો પુલ હશે. એમાં શુ જોવાનું!' તો તેઓ કહે, 'તેનો ઈતિહાસ ઈન્ટરેસ્ટિંગ છે. કદાચ કોઈને રસ નહીં પડે, તમે કુતૂહલ દ્રષ્ટિથી જોશો તો બહુ રસપ્રદ છે; તમને મઝા આવશે.' ... અને અમે તે જોવા ગયાં.

Ailesh Shukla લિખિત, UK Travelogue Book "કેમ છે ગ્રેટ બ્રિટન× પુસ્તકમાંથી સાભાર ...

# ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવેલા વડાપ્રધાનશ્રીનું અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માસભર સ્વાગત કરતા રાજ્યપાલશ્રી-મુખ્યમંત્રીશ્રી



ગુજરાતના પનોતા પુત્ર અને આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનું અમદાવાદ એરપોર્ટ પર માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની બે દિવસની મુલાકાત માટે અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે અમદાવાદ એરપોર્ટ પર રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી,મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ,પ્રદેશ ભાજપ અધ્યક્ષશ્રી સી.આર. પાટિલ તેમજ ગૃહ અને મહેસુલ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી ,સહકાર અને માર્ગ મકાન રાજ્યમંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા ઉપરાંત મુખ્ય સચિવશ્રી પંકજ કુમાર,મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન,પોલીસ મહાનિદેશક આશિષ ભાટિયા તેમજ વરિષ્ઠ અધિકારીઓએ તેમનું ભાવભર્યુ સ્વાગત કર્યુ હતું.

વડાપ્રધાનશ્રી શનિવારે સાંજે અમદાવાદમાં આયોજિત ખાદી ઉત્સવના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે.વડાપ્રધાનશ્રી રવિવારે સવારે કચ્છમા વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાત મુર્હુત કરવાના છે.તેઓ આવતીકાલે બપોર બાદ મહાત્મા મંદિરમાં મારુતિ સુઝુકી મોટર કોર્પોરેશનના કાર્યક્રમમા સહભાગી થશે અને મોડી સાંજે નવી દિલ્હી પરત જશે.

# ઈંગ્લેન્ડમાં રહેતા પરિવારના ૮ પ્લોટ સુરતના ઠગોએ ખોટા ડોક્યુમેન્ટ્સ ઉભા કરી બારોબાર વેચી માર્યા

સુરત,તા.૨૭

સુરત શહેર ગુજરાતનું ઝડપથી વિકસતુ શહેર છે. સુરત શહેરના વિકાસની સાથે સાથે તેનો જમીન વિસ્તાર પણ વધતો જઈ રહ્યો છે. જેથી જમીનની કિમંતીમાં પણ ખુબ વધારો થતો રહે છે. જેથી આ જમીન પર નજર બગાડીને ખોટી રીતે વેચાણ કરનારા પણ વધતા જતા રહ્યાં છે. સુરત શહેરમાં આવી જમીનના માલિકોની જાણ બહાર બારોબાર જમીન વેચાણ થતા હોવાના કિસ્સાઓ સતત વધી રહ્યાં છે. આવો જ એક કિસ્સો ઈંગ્લેન્ડમાં સ્થાયી થયેલા સુરતી સાથે થયો. સચીન જીઆઈડીસીના પાલી ગામ ખાતે આવેલ બ્લોક નંબર ૪૧ ના પ્લોટ નં ૩૧૩ થી ૩૨૦ સુધીના કુલ આઠ પ્લોટ આવેલા છે. જેમના માલિકો માણેકલાલ ભગવાનદાસ ચૌહાણ તથા તેમના પત્ની ચન્દ્રકલાબેન ચૌહાણ તથા જગદીશભાઈ બેચરભાઈ રાજપુત વર્ષ ૧૯૮૯ માં ઈંગ્લેન્ડ સ્થાયી થયા હતા. તેમના આ પ્લોટની ખુટતી સ્ટેમ્પ ડ્યુટીના કારણે તેમની જમીનના અસલ દસ્તાવેજો બહુમાળી ખાતે સબ રજિસ્ટ્રાર કચેરીમાં જમા હતા. આ અંગેની માહિતી આરોપીઓએ કોઈક રીતે મેળવી લીધી હતી. તેમણે અસલ દસ્તાવેજો સબ રજીસ્ટારની કચેરીમાંથી છોડાવી લીધા. ત્યાર બાદ આરોપીઓએ દસ્તાવેજોમાં જણાવેલ અસલ માલિકોના નામ સાથે મળતા આવતા બીજા અન્ય ત્રાહિત વ્યકિતઓ સાથે મળી હિતેશ માણેકલાલ ચૌહાણના નામનો ખોટો વ્યકિત ઉભો કરાયો હતો. તેણે માણેકલાલ ભગવાનદાસ ચૌહાણ તથા ચન્દ્રકલાબેન પોતાના સગા માતાપિતા થતા હોવાનું અને તેઓએ જમીન માટે પાવર ઓફ એટર્ની આપેલ હોવાનું જણાવ્યું હતું.ખોટા પાવર ઓફ એટર્ની વર્ષ ૨૦૦૬ માં ઉભા કરાયા હતા. તે પાવરોનો આધાર લઈ સબ રજીસ્ટારની ઓફિસમાં રૂબરૂ જઈને પોતે જ માલિક હોવાનું જણાવ્યું હુતં. તેના દસ્તાવેજ બનાવી લીધા હતા. ત્યાર બાદ જગદીશ બેચરભાઈ રાજપૂત નામનો ખોટો વ્યકિત પણ ઉભો કરાયો. જેથી પાલી ગામના પ્લોટ નં-૩૧૬ થી ૩૨૦ ની પોતાની માલિકીના હોવાનું જણાવી હતી. જે ખોટી વ્યક્તિએ પણ સબ રજીસ્ટાર રૂબરૂ પોતે માલિક હોવાનું જણાવી તેના વેચાણ દસ્તાવેજ વર્ષ ૨૦૧૬ ના વર્ષમાં બનાવી આપ્યા હતા. આમ આ આઠેય પ્લોટના વેચાણ દસ્તાવેજ કરી આપી ઠગ ટોળકીએ તેને વેચી નાંખ્યા હતા. તેના રૂપિયા આ ટોળકીએ મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ મામલાની જાણ મૂળ માલિકને થતા તેમણે ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે આર્થિક ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૩ આરોપોઓની ધરપકડ કરાઈ છે.

# બનાસ નદીમાં ડુબાયેલા કેટલાક ઈસમોના પરિવાર લાશ થી વંચિત

ન્યુઝ ઓફ ગાંધીનગર
બનાસકાંઠા બ્યુરો

શુક્રવારે ડીસાના છત્રાલાની બનાસ નદીમાં ન્હાવા પડેલ આધેડ અને ઉંબરી નજીક કાકા ભત્રીજો ડૂબ્યા હતા. જેમાંથી ભત્રીજાની લાશ મળી છે. જ્યારે અમીરગઢ નજીક કાલેડી નદીમાં યુવકનો પગ લપસી જતાં પડી જતાં મોતને ભેટ્યા હતા. આમ બનાસનદીમાં ૨ દિવસમાં ૮ તણાયા છે જેમાં હજુ ૫ લાપત્તા છે.જૂનાડીસામાં ગુરુવારે ૩ ત્રણ યુવાનો ડૂબ્યા હતા. જેમની ગુરુવારે મોડી સાંજ સુધી શોધખોળ બાદ શુક્રવારે સવારથી જ દાંતીવાડા ડેમના ૧૨ તરવૈયા દ્વારા એક હોડી લઈને સવારથી શોધખોળ કરવા છતાં યુવકોનો કોઈ પત્તો લાગ્યો નહતો. જ્યારે મોડી સાંજે એનડીઆરએફની ટીમ દ્વારા પણ શોધખોળ કરવા છતાં ૩૦ કલાક



ઉપરાંતનો સમય થયો છતાં કોઈ પત્તો લાગ્યો નથી.

દરમિયાન શુક્રવારે બનાસનદી ઉંબરી નજીક આવી પહોંચતાં પ્રવાહ જોવા તટ વિસ્તારના ખાડામાં કાકા ભત્રીજો ડુબ્યા હતા. જેમાં નરસીભાઈ જયંતીભાઈ ઘટાડ (ઉં.વ.આ.૧૩) અને રવજીભાઈ મફાભાઈ ઘટાડ (ઉં.વ.આ.૩૩) (બંને રહે.ઉંબરી,તા.કાંકરેજ) પાણીમાં સ્થાનિક તરવૈયા મારફતે શોધખોળ હાથ ધરાઈ હતી તેમ છતાં કોઈ પતો લાગ્યો નહતો.ડીસાના છત્રાલાના અમરતગીરી મફતગીરી ગૌસ્વામી (ઉં.વ.૫૫) જેઓ શુક્રવારના બપોરના સુમારે છત્રાલા ગામ નજીક બનાસ નદીમાં ન્હાવા પડતા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ગામના સરપંચ, ભીલડી પોલીસ અને ડીસા ડી.ડી.ઓ. સહિત ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તરવૈયાઓ દ્વારા તાત્કાલિક દોડી આવી મોડી સાંજ સુધી શોધખોળ કરવા છતાં પત્તો લાગ્યો નહતો.અમીરગઢના સવનિયાના જીતુભાઈ બાબુભાઈ કરંગવા શુક્રવારે બપોરે બનાસનદીના પટ એવા કાલેડી નદીનજીક પગ લપસી જતા તેઓ નદીમાં પડી ગયા હતા. બહાર કાઢી પાલનપુર સિવિલ લઈ જતાં મોત થયું હતું.

# વરસોથી વર્ધી વગર રહેતાં તપાસ કરવા ગયેલા અરજદારને લોકોએ ઉધડો લીધો

## દાંતા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા રાહુલ જમાદાર આવ્યો ફરી વિવાદ માં

ન્યુઝ ઓફ ગાંધીનગર

દાંતા પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા રાહુલ નામ નો જમાદાર ફરી એક વાર વિવાદ માં આવ્યો છે. ઘણા સમય થી દાંતા પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા રાહુલ જમાદાર થોડા સમય પહેલા દાંતા પોલીસ સ્ટેશન થી ટ્રાન્સફર થયું હતું પણ ગણતરી ના દિવશો માં ફરી દાંતા પોલીસ સ્ટેશન માં રાહુલ જમાદાર ની પોસ્ટિંગ થઈ હતી. દાંતા પોલીસ વિસ્તાર માં અનેકો વાર રાહુલ જમાદાર વિવાદો માં આવી ચુક્યા છે



જયારે હાલ માં રાહુલ જમાદાર નો એક વિડિઓ સોસીયલ મીડિયા માં વાઈરલ થઈ રયો છે. જેમાં એવું કેહવા માં આવી રયુ છે કે રાહુલ જમાદાર વર્દી વગર લોકો ના ઘર ખેતરો માં જઈ ધાક ધમકીઓ આપી રૂપયા પડાવાની વાતો ચર્ચિત થઈ રહી છે. રાહુલ જમાદાર દ્વારા રૂપયા પડાવાની વાતો તો વાઈરલ વિડિઓ માં નથી દેખાતું પણ હા રાહુલ નામ નો જમાદાર વર્દી વગર વાઈરલ વિડિઓ માં લોકો સાથે વાદ વિવાદ સર્જાતો જોવા મળી રયો છે. વાઈરલ વિડિઓ માં લોકો સાથે વિવાદ થતા રાહુલ જમાદાર ભાગતો નજરે પડી રયો છે.

# કોંગ્રેસ સમિતિ દ્વારા 'તંદુરસ્ત નાગરીક-તંદુરસ્ત રાજ્ય' સંકલ્પપત્રની જાહેરાત કરવામાં આવી

## ગુજરાતના નાગરિકો માટે તમામ સરકારી દવાખાનાઓને ફાઈવ સ્ટાર કક્ષાનાં બનાવીને તમામ નાગરીકોને તમામ રોગોની સારવાર ફ્રી

અમદાવાદ,તા.૨૭

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને લઈને રાજકીય હલચલ વધી રહી છે. ખાસ કરીને આપ બાદ હવે કોંગ્રેસ પણ એક્શન મોડમાં જોવા મળી રહી છે, ત્યારે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા 'તંદુરસ્ત નાગરિક-તંદુરસ્ત રાજ્ય' સંકલ્પપત્રની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી. જે. ચાવડાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પછી બનનારી કોંગ્રેસ સરકાર ગુજરાતના નાગરિકો માટે તમામ સરકારી દવાખાનાઓને ફાઈવ સ્ટાર કક્ષાનાં બનાવીને તમામ નાગરીકોને તમામ રોગોની સારવાર ફ્રી, માન્ય ખાનગી દવાખાનાઓમાં રૂ.૧૦ લાખ સુધીની સારવાર ફ્રી, કીડની, લીવર અને હૃદય ટ્રાન્સપ્લાન્ટની સારવાર સંપૂર્ણ ફ્રી, દરેક ગામો અને નગરપાલિકા વોર્ડોમાં આધુનિક સુવિધા સાથેના 'જનતા દવાખાના', આંતરીયાળ ગામોમાં ફરતાં દવાખાનાં, સરકારી દવાખાનાઓમાં નિષ્ણાંત ડોકટરોની નિમણુંક, જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં તમામ ગંભીર રોગોની વિના મુલ્યે સારવાર, મેડકીલ કોલેજો અને દવાખાનાઓમાં પુરા પગારથી ડોકટરો અને સ્ટાફની નિમણુંક, આયુષ પધ્ધતિથી સારવારને પ્રોત્સાહન અને વ્યવસ્થા, આરોગ્ય માનવ સુચકાંક સુધારવા સઘન પ્રયાસોના અમલ કરવાની ખાત્રી ચૂંટણી ઢંઢેરાના ભાગ તરીકે આપીએ છીએ.

૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીઓ પછી કોંગ્રેસ પક્ષની સરકાર માટેના નવા સંકલ્પપત્ર-ચૂંટણી ઢંઢેરાની કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનોએ આજે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા અને ભાવનગર ખાતેથી જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે બનાવેલ અને આજે અસ્તિત્વ ધરાવતાં મોટા ભાગના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા સિવિલ હોસ્પિટલોને ભાજપે ડોકટર અને નર્સીંગ સ્ટાફ વિહીન તથા ખંડેર બનાવી દીધા છે. કોંગ્રેસ પક્ષની સરકાર ભાજપની ખાનગીકરણની નિતિને ઉલટાવીને માનવજીવન સાથે સંકળાયેલ નવી આરોગ્ય નીતિ આપશે. આરોગ્ય ક્ષેત્રમાં ગુજરાતને દેશનું પ્રથમ હરોળનું અવલ નંબરનું રાજ્ય બનાવવા માટે નીચે મુજબના મહત્વાકાંક્ષી સંકલ્પ પત્રની જાહેરાત કરી હતી.

# હું તો ભાજપવાળા સામે આવે તો મારી ભાષામાં ગાળ પણ બોલી નાંખીશ.:જૂનાગઢના ધારાસભ્ય

જૂનાગઢ,તા.૨૭

જૂનાગઢમાં કોંગ્રેસના ધારાસભ્ય બાબુ વાજાનો વાણીવિલાસ જોવા મળ્યો છે. તેમણે ભાજપ પર આકરા પ્રહાર કરતા વાણીવિલાસ કર્યો છે. કોંગ્રેસના મેનીફેસ્ટો કાર્યક્રમમાં બાબુ વાજાએ અપશબ્દોનો પ્રયોગ કર્યો. કોંગ્રેસની ધારાસભ્યોની ભાજપમાં જોડાવવાની વાત પર બાબુ વાજા ભડક્યા હતા, અને કહ્યું હતું કે, સામે આવે તો હું તો ગાળો પણ આપું. કોંગ્રેસ ધારાસભ્ય ભાજપ ઉપર ભડક્યા હતા. બેફામ વાણી વિલાસ સાથે કોંગ્રેસના ધારાસભ્ય બાબુ વાજાએ અપશબ્દ પણ કહ્યા હતા. માંગરોળ ધારાસભ્ય બાબુભાઈ વાજાએ જુનાગઢમા યોજાયેલ કોંગ્રેસના મેનિફેસ્ટો કાર્યક્રમમા ભાજપ ઉપર અપશબ્દનો મારો ચલાવ્યો હતો. તેઓ ભાજપનો ઉલ્લેખ થતા જ ભડક્યા હતા.

ધારાસભ્ય બાબુભાઈ વાજાએ ભાજપ વિશે અપશબ્દો કહ્યાં. આથી તેઓ અટક્યા ન હતા, અને ભાજપે લુખ્ખા લૂંટારા પણ કહ્યા હતાં. જે રીતે છેલ્લા ઘણા સમય થી સૌરાષ્ટ્રના ૭ ધારાસભ્યોના ભાજપમાં જોડાવાની વાત ઉડી હતી. બાબુ વાજાનું નામ અમરીશ ડેર અને વિમલ ચૂડાસમા નામ જોડાયું આ મુદ્દાને લઈને ભડક્યા હતા. ધારાસભ્યએ કહ્યું કે, હું તો સામે આવે તો મારી ભાષામાં ગાળ પણ બોલી નાંખીશ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.